16064

ગુજરાતનું અર્થતંત્ર

[GUJARAT ECONOMY]



:સંપાદક:
ડૉ. ગૌરાંગ ડી. રામી

POPULAR

Principal,
Govt. Arts, Commerce & Science College

Scanned with OKEN Scanner

16054

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત.

બી.એ. સેમેસ્ટર - ૨ : પેપર - ૪

ગુજરાતનું અર્થતંત્ર

[GUJARAT ECONOMY]

: સંપાદક :

ડૉ. ગૌરાંગ ડી. રામી

એમ.એ., એમ.ફિલ., પીએચ.ડી. (અર્થશાસ્ત્ર);

એમ.એ. (સમાજશાસ્ત્ર), પી.જી.ડી.આર.એમ.

પ્રાધ્યાપક, અર્થશાસ્ત્ર વિભાગ,

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત - ૩૯૫ ૦૦૭

[પ્રથમ આવૃત્તિ : ૨૦૨૨]

ન્યૂ પૉપ્યુલર પ્રકાશન, સુરત.

મૂલ્ય : ₹ ૨૦૦-૦૦

P-8210

Principal,
Govt. Arts, Commerce & Science College
Dist. Navsari.

Scanned with OKEN Scanner

અનુક્રમણિકા

પ્રકરણ નં.	પ્રકરણનું નામ	લેખક/લેખકોના નામ	પાના નં.
૧.	ગુજરાતના અર્થતંત્રની રૂપરેખા	ડૉ. આત્મન શાહ અને ડૉ. ભૂમિ દેસાઈ	૧
૨.	ગુજરાતમાં શિક્ષણ ક્ષેત્ર : માળખું, વલણો અને સરકારી યોજનાઓ	ડૉ. ભૂમિ દેસાઈ અને ડૉ. આત્મન શાહ	૧૨
૩.	ગુજરાતમાં સ્વાસ્થ્ય - સેવાઓ અને માળખું	ડૉ. વિજય એસ. જરીવાલા અને ડૉ. જીગ્નેશ કે. બારોટ	૩૦
૪.	ગુજરાતમાં માનવ વિકાસ અને તેની તરાહ	ડૉ. યોગેશ એન. વાંસિયા	૫૮
૫.	ગુજરાતમાં કૃષિક્ષેત્રનો વિકાસ અને આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ	ડૉ. યોગેશ એન. વાંસિયા અને ડૉ. સચીન મેહતા	૭૯
૬.	ગુજરાતમાં જમીન વપરાશની તરાહ અને પાક વપરાશની તરાહ	ડૉ. યોગેશ એન. વાંસિયા અને ડૉ. સચીન મેહતા	૯૦
૭.	ગુજરાતમાં સિંચાઈ વિકાસ અને સરદાર સરોવર યોજના	ડૉ. યોગેશ એન. વાંસિયા અને ડૉ. સચીન મેહતા	૧૦૪
૮.	ગુજરાતમાં ઔદ્યોગિક વિકાસ	ડૉ. ભાવેશ પરમાર	૧૨૩
૯.	ગુજરાતમાં ઔદ્યોગિક મૂડીરોકાણ	ડૉ. અનિલ ટેઇલ	૧૪૦
૧૦.	ગુજરાતના મહત્વના ઉદ્યોગો	ડૉ. દિલાવરખાન પઠાણ	૧૪૮
૧૧.	સહકારી ક્ષેત્રનો અર્થ અને ઈતિહાસ	ડૉ. સંજય એમ. પટેલ અને પ્રા. વનિતા એન. દેસાઈ	૧૭૫
૧૨.	સહકારી સાહસો	ડૉ. ત્વિષા પરમાર અને ડૉ. મનીષ આર. પટેલ	૨૦૪
૧૩.	સહકારી બેંકો અને APMC	ડૉ. મનીષ આર. પટેલ અને પ્રા. રાકેશ એન. મકવાણા	૨૪૩
	સંપાદક અને લેખકોના પરિચય		૨૮૧-૨૮૮

***

Principal,
Govt. Arts, Commerce & Science College

Scanned with OKEN Scanner

૮. કયા દિવસને 'વિશ્વ પ્રવાસન દિવસ' તરીકે ઉજવવામાં આવે છે?

(A) ૨૭ ઓગસ્ટ **(B) ૨૭ સપ્ટેમ્બર** (C) ૨૭ ઓક્ટોબર (D) ૨૭ નવેમ્બર

૯. ભારતમા કયા દિવસને 'રાષ્ટ્રીય પ્રવાસન દિવસ' તરીકે ઉજવવામાં આવે છે?

(A) ૧૫ ઓગસ્ટ (B) ૨૬ જાન્યુઆરી **(C) ૨૫ જાન્યુઆરી** (D) ૧૪ નવેમ્બર

૧૦. ભારતમાં ઘરેલુ પ્રવાસી મુલાકાતના સંદર્ભમાં ગુજરાતનો ક્રમ કયો છે? (India Tourism Statistics, At a glance-૨૦૨૧ પ્રમાણે)

(A) પ્રથમ (B) પાંચમો (C) સાતમો **(D) નવમો**

૧૧. ભારતમાં આંતરરાષ્ટ્રીય પ્રવાસી મુલાકાતના સંદર્ભમાં ગુજરાતનો ક્રમ કયો છે? (India Tourism Statistics, At a glance-૨૦૨૧ પ્રમાણે)

(A) પ્રથમ (B) પાંચમો (C) સાતમો **(D) અગ્યારમો**

૧૨. સ્ટેચ્યુ ઓફ યુનિટીની ઊંચાઈ કેટલી છે?

(A) ૧૮૦ મીટર (B) ૧૨૮ મીટર **(C) ૧૮૨ મીટર** (D) ૧૯૧ મીટર

૧૩. 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' પ્રવાસન સ્થળ ગુજરાતના કયા જિલ્લામાં આવેલ છે?

(A) સુરત **(B) નર્મદા** (C) ભરૂચ (D) વડોદરા

૧૪. ભારતનો પ્રથમ કેમિકલ પોર્ટ ગુજરાતમાં ક્યાં આવેલું છે?

(A) જામનગર **(B) દહેજ** (C) હજીરા (D) પોરબંદર

૧૫. ભારતનો પ્રથમ પેટ્રોલિયમ, કેમિકલ અને પેટ્રોકેમિકલ્સ ઈન્વેસ્ટમેન્ટ રિજન ગુજરાતમાં ક્યાં આવેલું છે?

(A) અમદાવાદ (B) રાજકોટ **(C) દહેજ** (D) સુરત

૧૬. પ્રકરણમાં આવતા ટૂંકા શબ્દો (Abbreviation)માંથી ' .... નું પૂરું નામ શું છે?' - આ પ્રકારના પ્રશ્નો પૂછી શકાય. જેમ કે ASI નું પૂરું નામ શું છે?

(A) Academic Staff Institution
(B) Annual Sample of Industries
(C) Annual Survey of Industries
(D) Automatic Survey of Industries

* * *

Principal,
Govt. Arts, Commerce & Science College
Khergam, Dist. Navsari.
Code No. : 630

૧૧. સહકારી ક્ષેત્રનો અર્થ અને ઇતિહાસ

- ડૉ. સંજય એમ. પટેલ અને પ્રા. વનિતા એન. દેસાઈ

૧૧.૧ પ્રસ્તાવના :

સહકાર એટલે પરસ્પર સહાય, સહકાર એટલે કરકસર બચત અને સ્વાશ્રય સમાન આર્થિક જરૂરિયાતવાળી વ્યક્તિઓ સંગઠિત થઈ લોકશાહી પધ્ધતિએ પોતાનાં આર્થિક ધ્યેયો હાંસલ કરવા માટે જે માધ્યમથી પ્રયાસો કરે તેને આપણે સહકાર કહીએ છીએ. સહકાર એ કોઈપણ કાર્યની સિધ્ધિ માટે પરસ્પરનો સહયોગ છે. સહયોગથી જ ગમે તેટલું વિકટ કામ પણ સરળ બને છે. આપણે સૌ જાણીએ છીએ દરેક ગામ, શહેર, નગર કે ઉપનગરમાં એક યા બીજા પ્રકારની સહકારી મંડળી કામ કરતી આપણી જાણમાં હોય છે. અને સંભવતઃ આપણી નાણાંકીય જરૂરિયાત, જીવન - જરૂરિયાતની ચીજવસ્તુ, ઉત્પાદનનું વેચાણ, નાના - મોટા ધંધા - રોજગાર, વેપાર વાણિજ્ય કે વ્યવસાયની ખિલવણી કરવા માટે આપણે કોઈકને સહકારી મંડળીમાં સભાસદ બનીને લાભો પણ મેળવતા હોઈશું. એટલે સહકારી મંડળી આપણા માટે અજાણી સંસ્થા નથી.

આપણા દેશની સહકારી પ્રવૃત્તિનો ઈતિહાસ એકસો વર્ષ જેટલો જૂનો છે. સ્વાતંત્ર્ય પ્રાપ્તિ પછી આપણા દેશની ગ્રામીણ આર્થિક વ્યવસ્થા, તેનો વિકાસ અને પ્રગતિ તથા યોગ્ય સામાજિક ન્યાય આપવા માટે 'સહકાર'ને મુખ્ય સાધન અને માધ્યમ માનવામાં આવેલ છે. આપણા દેશની આર્થિક સામાજિક અને રાજનૈતિક વ્યવસ્થાને ધ્યાનમાં રાખતા દેશના લોકશાહી તંત્રમાં આમજનતાની જરૂરિયાતો સહકાર મારફતે પૂરી પાડવામાં સફળતા મળી શકે. સમાજના વિવિધ વર્ગ અને સ્તરના લોકોને સહકારના છત્ર હેઠળ સંગઠિત કરવામાં આવે તો નાના અને ટાંચા આર્થિક સાધનો ધરાવતાં ખેડૂતો, કારીગરો, મજૂરો, ગરીબો, વ્યવસાયીઓ, નાનાઅમોટા ઉદ્યોગકારો, વેપારીઓ, વિવિધ વ્યવસાયો તેમજ હુન્નર ઉદ્યોગ હાથ ધરતા લોકોને તેમના બનાવી શકાય. તેથીજ સહકારને વિકાસલક્ષી આર્થિક નીતિ તેમજ પંચવર્ષિય યોજનાઓમાં મહત્વનું સ્થાન આપવામાં આવ્યું છે.

સહકાર એ મુલ્ય આધારિત આર્થિક પધ્ધતિ છે. જેના દ્વારા અર્થતંત્રના શોષણાત્મક વલણોના દબાણ સામે આર્થિક રીતે નબળા વર્ગના લોકોને ટકી રહેવા માટે સંગઠિત માળખું પૂરું પાડવાના ઉદેશોથી પ્રેરિત સામાજિક સમતા હાંસલ કરવા માટે સમગ્ર વિશ્વમાં સહકારનો આવિષ્કાર થયો છે. જે તે દેશની જરૂરિયાત મુજબ ત્યાંના સહકારી ક્ષેત્રને વિસ્તારવામાં આવેલ છે.

૧૧.૨ સહકારનો અર્થ / વ્યાખ્યાઓ :

અર્થશાસ્ત્રીઓ, ધારાશાસ્ત્રીઓ અને સહકારી વિચારકોએ જુદાજુદા હેતુઓ માટે 'સહકાર'ની જુદી - જુદી વ્યાખ્યાઓ આપી છે. આમાંની કેટલીક વ્યાખ્યાઓ 'સહકાર' નો અર્થ સ્પષ્ટ કરવામાં મદદરૂપ થાય છે.

Scanned with OKEN Scanner

૧. ભારતની સહકારી પ્રવૃત્તિના ભીષ્મપિતામહ સ્વ. શ્રી વૈકુંઠભાઈ મહેતા જણાવે છે કે સમાન જરૂરિયાતવાળી વ્યક્તિઓ જેઓ તેમની સામાન્ય જરૂરિયાતોની પ્રાપ્તિ અર્થે જોડાય છે. એવા લોકોના સ્વૈચ્છિક મંડળોને ઉત્તેજન આપતી વ્યાપકપ્રવૃત્તિનું એક પાસું તે સહકાર છે.

૨. મહાત્મા ગાંધીજી ના મતે 'જ્યારે માણસ પોતાની જરૂરિયાતોની પૂર્તી માટે યથાશક્તિ બધું જ કરી લે છે ત્યારે તેની બાકી રહેતી જરીરિયાતો માટે તેના પડોશીનો સહયોગ મેળવે છે. આ જ સચો સાહકાર'.

૩. રવિન્દ્રનાથ ટાગોર ના મતે 'આર્થિક રીતે નિર્બળ માણસોનો વિજય, સબળને કાઢી મૂકવાથી નહીં થાય પરંતુ એવું નિર્બળ લોકો તેમની તાકાતને સમજે ઐક્ય મેળવીને જ વિજય પ્રાપ્ત કરી શકે છે.'

૪. સર એમ. એલ. ડાર્લિંગ ના મતે 'સહકારએ એક સંગઠન કરતા કંઈક અધિક છે. તે એક ભાવના છે. જેની અસર હૃદય તેમજ મન બન્ને પર થાય છે. તે ધંધા વેપારને સ્પર્શ કરતો ધર્મ છે. તે આત્મનિર્ભરતા અને સેવાનો સંદેશ છે.'

૫. શ્રી. હેરિક. એમ. ટી. ના મતે 'સહકાર એ સ્વેચ્છાપૂર્વક સંમિલિત થયેલ વ્યક્તિઓએ પોતાનાં સ્વયં પરિબળો સાધનો અથવા બન્નેનો અરસપરસ ઉપયોગ કરીને પોતાના જ પરસ્પર સંચાલન હેઠળ સમાન નુકસાન કે નફા માટે ભરેલાં પગલાં છે.'

૬. શ્રી માર્શલ ના મતે 'સહકારનો અંતિમ ઉદેશ સારી વસ્તુઓનું ઉત્પાદન કરવાનો નથી પરંતું સારા માનવીઓનું સર્જન કરવાનું છે.'

૭. જેકબ હોલીઓક ના મતે 'સહકારી સંસ્થા સ્વૈચ્છિક સંગઠન છે જેમાં સૌની સરખી હિસ્સેદારી છે અને કોઈપણ સંગઠનની જેમ તેનું પોતાનું નિયંત્રણ હોય છે.'

૮. જે.સી.એફ. સ્ટ્રીકલેન્ડ ના મતે સહકારની વ્યાખ્યા આપતાં જણાવે છે કે 'જો કોઈ વ્યક્તિઓનું જૂથ એક સમાન ધ્યેયને સંયુક્ત પ્રયાસોથીની સિદ્ધિ કરવા માટે સંમિલિત થાય તો તેણે સહકાર સાધ્યો છે. એમ કહી શકાય'.

૯. આંતર રાષ્ટ્રીય મજૂર સંગઠન (I.L.O.) તરફથી પ્રકાશિત થયેલ "Co-Operative Management and Administration" નામના પુસ્તકમાં સહકારની વ્યાખ્યા આ પ્રમાણે આપેલી છે. સહકાર એ સામાન્યતઃ મર્યાદિત સાધનોવાળા લોકોનું સંગઠન છે કે જેમાં સમાન આર્થિક હેતુઓની સિદ્ધિ માટે તેઓ સ્વેચ્છાએ જોડાય છે. અને લોકશાહી રીતે ધંધાનું નિયંત્રણ કરી જરૂરી મૂડી રોકી તેના પ્રમાણમાં ધંધાકીય સાહસ માંથી નફા-નુકસાનમાં ફાળો મેળવે છે.' આ વ્યાખ્યા એવું દર્શાવે છે કે આર્થિક રીતે નબળા લોકો આર્થિક રીતે સદ્ધર થવા માટે સહકારી પ્રવૃત્તિનો આશ્રય લે છે. સહકાર એ સ્વૈચ્છિક સંગઠન છે, તેવું જણાવીને સહકારી પાયા પર ચાલતા ધંધાંનું સંચાલન લોકશાહી ઢબે થાય છે. તે હકીકત સ્પષ્ટ કરે છે. વળી સહકારી પ્રવૃત્તિ આર્થિક હેતુઓની સિદ્ધિ માટે ચાલતી હોવાથી જે કાંઈ નફો નુકસાન થાય તેમાં સભ્યો હિસ્સો મેળવે છે તે બાબત પ્રત્યે અહી લક્ષ દોરવામાં આવેલ છે.

ઉપરોક્ત સહકારી પ્રવૃત્તિની ચર્ચા કર્યા પછી. હવે આપણે વિશ્વમાં સહકારી પ્રવૃત્તિની શરૂઆત અને પ્રગતિ વિશે અભ્યાસ કરીશું.

૧૧.૩ સહકારી પ્રવૃત્તિનો ઈતિહાસ/ઉદ્દભવ :

વિશ્વમાં સહકારી પ્રવૃતિનો ઉદ્દભવ અંગેની માહિતી નીચે પ્રમાણે છે.

૧૧.૩.૧ વિશ્વમાં સૌ પ્રથમ સહકારી પ્રવૃત્તિની શરૂઆત :

ઈગ્લેંડમાં ઈ.સ.૧૭૫૦ થી ૧૮૫૦ સુધીનો સમય ઔદ્યોગિક ક્રાંતિનો ગણી શકાય. ઈગ્લેંડમાં સહકારી પ્રવૃત્તિનો મૂળ વિચારક રોબર્ટ ઓવન હતો. ઈગ્લેંડમાં લેકેશાયર વિસ્તારના મધ્યભાગમાં આવેલું રોશડેલ પરગણું સુતરાઉ ગરમ કાપડની મિલોનું મથક હતું. પાવરલૂમને લીધે હાથવણાટના કામદારો બેકાર બન્યા. કામદારોની સ્થિતિ વધુ વિષમ હતી.

આમાંથી માર્ગ કાઢવા માટે મજુર મંડળની સ્થાપના થઈ. તે સમયના કેટલાક સામાજિક કાર્યકરો એ મજૂરો માટે પ્રયત્નો કર્યા, વિશેષમાં ડૉ. રોબર્ટ ઓવન (ઈ.સ. ૧૭૭૧-૧૮૫૮) તથા ડૉ. વિલિયમ કિંગ (ઈ.સ. ૧૭૮૬-૧૮૬૨) જેવી વ્યક્તિઓએ તો ખાસ પ્રયત્નો હાથ ધર્યા. ઈગ્લેન્ડના રોશડેલ નામના પરગણામાં ૨૮ વણકરોએ સંઘર્ષમય જીવનમાંથી બહાર આવવા ૨૪ ઓક્ટોબર ૧૮૪૪ ના રોજ 'રેશડેલ ઈક્વિટેબલ પાયોનિયર્સ કો-ઓપરેટિવ સોસાયટીની સ્થાપના સાથે વિશ્વમાં સહકારી પ્રવૃત્તિનો પ્રારંભ થયો. આ મંડળીએ ગ્રાહક સહકારી ભંડાર તરીકે ઘણી સારી કામગીરી કરી છે. આ સહકારી મંડળીની સ્થાપનાથી વિશ્વમાં વૈધાનિક સ્વરૂપે સહકારી પ્રવૃત્તિની શરૂઆત થયેલી ગણાય છે શરૂઆતના તબક્કામાં જીવન જરૂરિયાતની વસ્તુઓ જેવી કે ખાંડ, માખણ, લોટ, ઓટમીલ અને મીણબત્તીનું વેચાણ શરૂ થયું હતુ. આ ગ્રાહક સહકારી મંડળીને ચલાવવા માટે તેના સ્થાપકો એ જે કેટલાક માર્ગદર્શક નિયમો બનાવ્યા તે પાછળથી સિદ્ધાંત તરીકે સ્થાપિત થયા વિશ્વની સહકારી પ્રવૃત્તિના વિકાસમાં ઈગ્લેન્ડની સહકારી પ્રવૃત્તિનું યોગદાન ઘણું કિંમતી છે. આમ સહકારી પ્રવૃતિના પિતા તરીકે ડૉ. રોબર્ટ ઓવનને ઓળખવામાં આવે છે. ઈગ્લેન્ડની સહકારી મંડળીની સ્થાપના સાથે વિશ્વમાં બીજા દેશોમાં પણ સહકારી પ્રવૃતિ તેનો પ્રારંભ થયો.

જર્મનીમાં સહકારી પ્રવૃતિ :

જર્મની સહાકારી ધિરાણ પ્રવૃતિનું જન્મસ્થળ છે. દુષ્કાળ, ગરીબી, શોષણ, દેવાદારી વગેરે જર્મનીમાં ૧૯મી સદીની મધ્યમાં બહુ હતાં. અસહ્ય દેવા નીચે કચડાતા ગરીબ ખેડૂતો અને મજૂરોનું નાણાં ધીરનારાઓ શોષણ કરતા હતા. ખેડૂતો અને કામદારોની આવી અત્યંત દુખી સ્થિતિ જોઈ, વ્યથિત થયેલા બે અગ્રણીઓ હેર એફ. ડબ્લ્યુ, રાઈફિઝન વેપુ બુશના નગરપતિ અને ડેલીઝટના ન્યાયાધીશ અને નગરપતિ ફેર ફ્રાન્ઝશુલ્ઝે રાહતના ઘણા પ્રયોગ કર્યા. ૧૮૫૦માં તેમણે ધિરાણ મંડળીઓ શોધી.આમ, રાઈફિઝને ગ્રામ્ય વિસ્તારો માટે શુલ્ઝે શહેરી વિસ્તારો માટે મંડળીઓ સ્થાપી. રાઈફિઝને, સ્વાશ્રય પરસ્પર સહાય, સામાજિક સમાનતા, બિનનફાનો ઉદેશ અને સયુંકત જવાબદારીનાં તત્વો પર ભાર મૂકયો.

જાપાનમાં કૃષિ પ્રવૃતિ :

જાપાન એ ઔદ્યોગિક અને કૃષિક્ષેત્રે આગળ વધેલો દેશ છે. જાપાનની સહકારી પ્રવૃત્તિની શરૂઆત ઈ.સ. ...

Scanned with OKEN Scanner

ડેન્માર્કમાં સહકારી પ્રવૃત્તિ :

ડેન્માર્ક કે જેમણે સહકારી પ્રવૃત્તિમાં અપૂર્વ પ્રગતિ સ્થાપી છે. તેનો સ્થાપક બ્રિટીશ ગ્રીન્ડવિગનો અનુગામી હતો. ડેન્માર્કમાં સહકારી પ્રવૃત્તિ ૧૮૮૨માં શરૂ થઈ. ડેન્માર્ક યુરોપમાં ગરીબમાં ગરીબ દેશ હતો, ત્યાંના લોકો દુષ્કાળથી પીડાતા હતા. લોકો દેવામાં દટાઈ ગયા હતા. તેમણે સહકારનો સિધ્ધાંત સ્વીકાર્યો અને તેથી એ દેશ આજે ઘણો આગળ વધ્યો.

આયર્લેન્ડમાં સહકારી પ્રવૃત્તિ :

આયર્લેન્ડમાં આ પ્રવૃત્તિ ૧૮૬૯ માં દાખલ થઈ. આવી હજારો મંડળીઓ ત્યાં ઉત્પન્ન થઈ અને મોટે ભાગે ખેતીવાડીને લગતા ઉપયોગની ખીલવણીનું કાર્ય કરે છે. આ પ્રવૃત્તિથી દેશના ખેડૂત વર્ગને ઘણો સારો લાભ થયો છે.

અન્ય દેશમાં સહકારી પ્રવૃત્તિ :

કેનેડામાં સહકારી વેચાણ મંડળીઓ અને શરાફી સંઘો, ફ્રાંસમાં ઉત્પાદકોની સહકારી મંડળીઓ, ઈટાલીમાં લેબર કોન્ટ્રાક્ટ મંડળીઓ, જાપાનમાં શરાફી મંડળીઓ અને માછીમારોની સહકારી મંડળીઓ સફળ થયેલી જોવા મળે છે. સ્વીડનમાં ગ્રાહક સહકારી પ્રવૃત્તિ, પેલેસ્ટાઈનમાં સહકારી વસાહતો, રશિયામાં ગ્રાહક સહકારી ભંડારો, ધિરાણ મંડળીઓ, તથા અમેરિકામાં ખેતીની પેદાશના વેચાણની મંડળીઓ તેમજ ખેડૂતોની ખેતીની જરૂરીયાતો પૂરીપાડવા માટેની મંડળીઓ આજે દુનિયામાં જુદા - જુદા દેશોમાં સ્થપાયેલી જોવા મળે.

૧૧.૩.૨ ભારતમાં સહાકારી પ્રવૃતિની શરૂઆત : ✓

ભારતમાં બ્રિટિશ શાસન દરમ્યાન જૂની ગ્રામ વ્યવસ્થા તુટવા માંડી. ઉદ્યોગો તુટવા માંડ્યા અને ખેડૂતોની સ્થિતી પણ દિવસે ને દિવસે નબળી પડવા માંડી. જેમ જેમ નાણાંનો વપરાશ વધવા માંડ્યો તેમ તેમ ખેડૂતો વધારે પરાધીન બનતા ગયા. અને હિંદના ગ્રામ્ય જીવનમાં અંધકાર દેખાવો લાગ્યો. આ પરિસ્થિતી ૧૯મી સદીના પાછળના વર્ષોમાં એટલે કે ઈ.સ. ૧૮૭૦ થી ઈ.સ. ૧૯૦૦ સુધીમાં વધારે વિકટ બની. સને ૧૮૮૦, ૧૮૯૮ અને ૧૯૦૧ની સાલમાં દુકાળ પડ્યા. સરકારે ખેડૂતોની પરિસ્થિતી સુધારવા માટે કંઈક પગલાં લેવાનું ઉચિત ધાર્યું.

ઈ.સ.૧૮૮૨ માં હિંદના હિતેચ્છુ વિલિયમ વેડરબર્ન અને જસ્ટિસ રાનડેએ પૂના જિલ્લાના એક તાલુકાનાં ખેડૂતો માટે બેંક સ્થાપનાની યોજના ઘડી કાઢી. ઈ.સ. ૧૮૯૫-૧૮૯૭ માં ફ્રેડરિક નિકોલ્સને પોતાના અહેવાલ સરકાર સમક્ષ રજૂ કર્યો. કરજ તળવાના ઉપાય માટે સહકારી ધિરાણ મંડળીઓ સ્થાપવાની તેમણે ભલામણ કરી. ઈ.સ. ૧૯૦૧ની દુકાળ સમિતિએ આવી ધિરાણ મંડળી સ્થાપવાની ભલામણ કરી તે વખતે વિદેશી કેટલીક મંડળીઓને મળતી આવતી નિધિ નામની સંસ્થાઓ મદ્રાસમાં ચાલુ કરી હતી. ઈ.સ. ૨૯-૦૪-૧૯૦૪ માં Co-Operative Credit Societies Act સાલવાળો સહકારી મંડળીઓનો કાયદો પસાર કર્યો. સને ૧૯૦૪ માં ભારતમાં સહકારી પ્રવૃતિની વ્યવસ્થિત શરૂઆત કરવામાં આવી તેના વર્ષો અગાઉ સને ૧૮૮૯ માં જૂના વડોદરા રાજ્યના અમરેલી જિલ્લાના કોડીનાર તાલુકામાં

સહકારી પ્રયાસનો એક અભૂતપૂર્વ અખતરો કરવામાં આવ્યો હતો. અને તેના યશ તે વખતના વડોદરા રાજ્યની સહકારી મંડળીઓના રજીસ્ટ્રાર શ્રી મણિલાલ નાણાવટીને ફાળે જાય છે. આમ ત્યાર પછી ઇ.સ. ૧૯૦૪, ૧૯૧૨ અને ૧૯૧૯ માં સહકારી કાયદો અસ્તિત્વમાં આવ્યો. અને ભારતમાં વિવિધ પ્રકારની અનેક સહકારી મંડળીઓ અસ્તિત્વમાં આવી.

૧૧.૩.૩ ગુજરાતમાં સહાકારી પ્રવૃતિની ઉદ્‌ભવ અને વિકાસ :

દેશ અને દુનિયામાં ગુજરાતની ગૌરવવંતી સહકારી પ્રવૃત્તિથી નામાંકિત છે, ગુજરાત અને મહારાષ્ટ્ર દેશમાં સહકારી પ્રવૃત્તિના પાયામાં તેના પિયર સમાન છે ગુજરાત અને મહારાષ્ટ્ર બાદ કર્ણાટક અને હરિયાણામાં સહકારી પ્રવૃત્તિ વિકસી છે. તાજેતરમાં કેન્દ્ર સરકારે એક નવું સહકાર મંત્રાલય શરૂ કરી દેશભરમાં સહકારી ક્ષેત્રને સુદૃઢ બનાવવાની દિશામાં જે પગલાં ઉઠાવ્યાં છે તે યોગ્ય છે. નવા મંત્રાલય થકી ગુજરાત મહારાષ્ટ્ર જેવી નમૂનેદાર સહકારી પ્રવૃત્તિ સમગ્ર દેશમાં વિકસે તે દેશ તથા પ્રજાના હિતમાં છે.

સદી વટાવી ચૂકેલી ગુજરાતની સહકારી પ્રવૃત્તિના પાયામાં ગાંધીજી, સરદાર પટેલ અને મોરારજી દેસાઈનું નોંધપાત્ર યોગદાન છે ગુજરાતની સહકારી બેંકિંગ વ્યવસ્થા અને દૂધ સહકારી પ્રવૃત્તિ એ દેશભરમાં ગુજરાતનું નામ રોશન કર્યું છે. ૧૯૬૦માં ગુજરાત રાજ્યની રચના થઈ. તે પહેલા ગુજરાતની સહકારી પ્રવૃતિનું સંચાલન ૧૯૨૫ ના મુંબઈ રાજ્યના કાયદા-કાનુનો હેઠળ થતું હતું અને તે પહેલાં ૧૯૦૪ અને ૧૯૧૨ ના ભારત સરકારના સહકારી કાયદા-કાનૂનો મુજબ રાજ્યની પ્રવૃતિઓનું સંચાલન થતું હતું.

ભારતમાં ૧૯૦૪ના સહકારી કાયદથી સહકારી પ્રવૃતિના મંડાણ થયા. તે પહેલાં ૧૮૮૯માં ૫મી ફેબ્રુઆરીના રોજ વડોદરા શહેરમાં (જૂના વડોદરા રાજ્યમાં) મધ્યમ વર્ગના ૨૩ જેટલા શિક્ષિત લોકોએ 'અન્યોન્ય સહાયકારી મંડળી' નામની પરસ્પર મદદના આશયે એક મંડળી શરૂ કરી હતી. આ મંડળીની સહકારી મંડળી તરીકેની નોંધણી ૧૯૧૨માં થઈ હતી, તેમજ ૧૯૬૬માં તેની નાગરિક સહકારી બેન્ક તરીકેની પુનરર્ચના થઈ હતી.

૧૯૦૪ના સહકારી કાયદા અન્વયે રેફાઇઝન મોડેલની ગુજરાતના અમદાવાદ જિલ્લામાં સૌ પ્રથમ ખેડૂતોની સહકારી ધિરાણ મંડળી, બાકરોલ વિશાલપુર કો.ઓ.ક્રેડિટ સોસાયટી અને વલસાડ જિલ્લામાં દેગામની મંડળી ૧૯૦૫ના મે માસમાં નોંધાઇ હતી.

૧૯૧૨માં વિવિધ કાર્યકારી (મલ્ટિપરપઝ) સહકારી મંડળી પણ ગુજરાતમાં ૧૯૧૨માં કોડિનારમાં રચાઇ હતી. ગુજરાતમાં સૌ પ્રથમ નાગરિક સહકારી બેંક ૧૯૦૯માં 'જંબુસર પીપલ્સ કો. ઓ. બેન્ક' (ભરૂચ જિલ્લો) રચાઇ હતી. ૧૯૨૧માં સુરતમાં સોસઠ ગામે કપાસ વેચાણ સહકારી મંડળી રચાઇ હતી. અમુલની સ્થાપના પહેલા સુરતમા ચોર્યાસી ખાતે સૌ પ્રથમ અવિધિસર દૂધ એકત્ર કરવાની મંડળીની રચના કરાય હતી.

૧૯૨૯માં સુરત મુકામે સહકારી તાલીમ શાળા શરૂ થઈ. હાલનું સુરતનું તાલીમ કેન્દ્ર ૧૯૪૭માં કાયમી ધોરણે સ્થપાયું હતું.

તારીખ ૦૧-૦૫-૧૯૬૦માં ગુજરાત રાજ્યની રચના થયા પાછી ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમ-૧૯૬૧ અમલમાં આવેલ છે. ગુજરાતના એક અલગ રાજ્ય તરીકેની

Scanned with OKEN Scanner

સહકારી પ્રવૃત્તિ વિષયક જરૂરિયાતો સંતોષવા માટે જુદા કાયદાની જરૂરિયાત ઊભી થઈ. તેથી ગુજરાતની પરિસ્થિતિ મુજબ રાજ્ય સહકારી પરિષદની ભલામણ અનુસાર સહકારી કાયદો ઘડવામાં આવ્યો.

ગુજરાત રાજ્યની વિધાનસભાએ આ કાયદાના ખરડાને તા.૨૨-૧૨-૧૯૬૧ના રોજ પસાર કર્યો. ગુજરાત સરકારે આખરે આ સહકારી કાયદો તારીખ ૦૧-૦૫-૧૯૬૨ થી અમલમાં મૂક્યો છે આ કાયદો ગુજરાતમાં સ્થપાયેલી અને હવે પછી સ્થપાનાર તમામ પ્રકારની સહકારી પ્રવૃત્તિને લાગુ પડે છે.

ગુજરાતમાં સહકારી સંસ્થાઓનો વિકાસ નોંધપાત્ર રહ્યો છે. જુદા જુદા પ્રકારની સહકારી મંડળીઓની સંખ્યા, સભાસદોની સંખ્યા, શેર ભંડોળ, થાપણો વગેરે ઉત્તરોત્તર વધતા રહ્યા છે ગુજરાતની સહકારી પ્રવૃત્તિમાં ખેત ધિરાણ, ખેતપેદાશોનું ખરીદી વેચાણ અને તેમનંવ રૂપાંતરણ, દૂધ ઉત્પાદકો અને ગૃહ નિર્માણ મંડળીઓનો વિકાસ વિશેષ પ્રમાણમાં થયેલો જણાય છે. ગુજરાતની સહકારી પ્રવૃત્તિ કોઈ એક વર્ગ વિશેષ માટે નહિ, પરંતુ સમાજના બધા જ વર્ગોના લોકો માટે વિકાસ પામી છે. જેમ કે નાના અને સીમાંત ખેડૂતો, ખેતમજૂરો, ગ્રામ કારીગરો, આર્થિક રીતે પછાત વર્ગના લોકો વગેરે બધાને સહકારી પ્રવૃત્તિ પોતાના કાર્યક્ષેત્રમાં આવરી લે છે. તે સમાજના બધાજ વર્ગના લોકો માટે આર્થિક વિકાસનું માધ્યમ બની રહે છે.

પંચવર્ષિય યોજના દરમ્યાન સહકારી પ્રવૃતિનો વિકાસ :

પ્રથમ પંચવર્ષીય યોજના (૦૧-૦૪-૧૯૫૧ થી ૩૧-૦૩-૧૯૫૬) :

આ યોજના તારીખ ૦૧-૦૪-૧૯૫૧ થી તારીખ ૩૧-૦૩-૧૯૫૬ સુધીના સમયગાળામાં અમલમાં મુકવામાં આવી હતી. આર્થિક વિકાસ સાધવા માટે આયોજન મંડળે ગ્રામ પંચાયત સાથે સહકારી પ્રવૃત્તિને સાંકળવાનું, વિવિધ કાર્યકારી મંડળીઓની સ્થાપના કરવાનું, ઔદ્યોગિક મંડળીઓ, ગ્રાહક સહકારી મંડળીઓની સ્થાપના કરવા પર ભાર મૂક્યો.

બીજી પંચવર્ષીય યોજના (૦૧-૦૪-૧૯૫૬ થી ૩૧-૦૩-૧૯૬૧) :

પ્રથમ યોજનાને સફળતા મળતાં બીજી યોજના વધુ મહત્વકાંક્ષી બની. આ યોજનામાં ૧૯૫૧ની ગ્રામ્ય ધિરાણ તપાસ સમિતિની ભલામણોનો સ્વીકાર કરવામાં આવ્યો, જે અન્વયે વાજબી શરતોએ ધિરાણ પુરૂ પાડવા સહકારી મંડળીના માધ્યમનો ઉપયોગ કરવામાં આવ્યો. આ યોજનાને અંતે મંડળીઓની સંખ્યા ૩.૩૨ લાખ અને સભાસદ સંખ્યા ૩૪૨ લાખ હતી.

ત્રીજી પંચવર્ષીય યોજના (૦૧-૦૪-૧૯૬૧ થી ૩૧-૦૩-૧૯૬૬) :

૧૯૫૮ના નવેમ્બરમાં રાષ્ટ્રીય વિકાસ સમિતિ દ્વારા તેની સહકાર અંગે નીતિ અંગે ઠરાવ દ્વારા એવો નિર્ણય લેવામાં આવ્યો કે 'સહકારી પ્રવૃત્તિના પાયાના એકમ' તરીકે ગ્રામ્ય કક્ષાએ ચાલતી સહકારી મંડળીઓને સ્થાન આપવું. અને ગ્રામ્ય કક્ષાએ સામાજિક તેમજ આર્થિક વિકાસની જવાબદારી મંડળી અને પંચાયતો ઉપર નાખવી. આ યોજનાનો લક્ષ્યાંક સમગ્ર ગામ વિસ્તાર અને સહકારી પ્રવૃત્તિથી આવરી લેવાનો હતો.

ચોથી પંચવર્ષીય યોજના (૧૯૬૯ થી ૧૯૭૪) :

ચોથી યોજનામાં સહકારી પ્રવૃત્તિની કામગીરી અપેક્ષા કરતા ઘણી ઓછી હતી, યોજનામાં નક્કી કર્યા કરતા પણ વધુ લક્ષ્યાંક ખેતપેદાશોના વેચાણના સિદ્ધ કરાયા છે. મુખ્ય ક્ષતિ રાસાયણિક ખાતરની વહેંચણીમાં થઈ છે. યોજનાના શરૂઆતના વર્ષોમાં સહકારી ધોરણે નોંધપાત્ર પ્રગતિ કરી નથી.

પાંચમી પંચવર્ષીય યોજના (૧૯૭૪ થી ૧૯૭૯) :

પાંચમી યોજનાનો મુખ્ય ધ્યેય નાના અને સીમાંત ખેડૂતોને ધિરાણ આપવાનું હતું. આ યોજના દરમિયાન ૧૦૦ સહકારી વેચાણ મંડળીઓ દ્વારા રૂપિયા ૧૯૦૦ કરોડની કિંમતના ખેતપેદાશોનો વેપાર કરાશે તેવી આશા હતી. ગ્રાહક સહકારી મંડળીઓ દ્વારા ૩૦.૦૦ ટકા શહેરી વિસ્તારને આવરી લેવાની યોજના હતી. પાંચમી યોજના દરમિયાન સહકારી પ્રવૃત્તિ દ્વારા તમામ કક્ષાએ સહકારી શિક્ષણ અને તાલીમ યોજનાઓ ચલાવવામાં આવી હતી.

છઠ્ઠી પંચવર્ષીય યોજના (૧૯૮૦ થી ૧૯૮૫) :

આ યોજનામાં સ્વૈચ્છિક અને સામાજિક પગલાઓને વધુ મહત્ત્વ અપાયું. આ યોજનામાં સહકારની યોજના માટે રૂ ૩૩૦.૧૫ કરોડની જોગવાઈ કરવામાં આવી હતી. આ યોજનાને અંતે કુલ ૧૮૫ ખાંડ કારખાના અને ૯૦ કાંતણ મિલો શરૂ કરવામાં આવી. આ યોજનાનું મહત્વનું પ્રદાન જુલાઈ ૧૯૮૨માં નાબાર્ડની રચનાનું હતું.

સાતમી પંચવર્ષીય યોજના (૧૯૮૫ થી ૧૯૯૦) :

આ યોજનામાં સહકારી ક્ષેત્રનાં વિકાસ માટે રૂ. ૧૪૦૦ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો હતો. અને તેના લક્ષ્યાંકથી પણ ઊંચી સિદ્ધિ હાંસલ કરવામાં આવી હતી. અલ્પવિકસિત રાજ્યોમાં સમાજના ગરીબ લોકોના ઉત્કર્ષ માટે ધિરાણ આપવાની બાબતોને ઉચ્ચતમ અગ્રતા આપવામાં આવી. આ યોજનાને અંતે દેશમાં બધા પ્રકારની મંડળીઓની સંખ્યા ૩.૪૨ લાખ હતી.

આઠમી પંચવર્ષીય યોજના (૧૯૯૨ થી ૧૯૯૭) :

આ યોજનામાં સહકારી ક્ષેત્ર પાછળ અંદાજિત ૩,૦૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી હતી. સહકારી ક્ષેત્રે હરણફાળ ભરવાની રૂપરેખા બનાવવામાં આવી અને વાર્ષિક ૫.૬ ટકાના દરે વિકાસ કરવાનો લક્ષ્યાંક સેવવામાં આવ્યો. જેના માટે ૧૯૯૧-૯૨ની ભાવસપાટી ધ્યાનમાં રાખી ૭,૯૮,૦૦૦ કરોડનું મૂડીરોકાણ કરવાનું નક્કી કરવામાં આવ્યું.

દશમી પંચવર્ષીય યોજના (૨૦૦૨ થી ૨૦૦૭) :

તારીખ ૦૧-૦૪-૨૦૦૨ થી ૩૧-૦૩-૨૦૦૭ સુધી ચાલનારા દસમી પંચવર્ષિય યોજનાને આયોજનપંચ / પ્રધાનમંડળ તથા રાષ્ટ્રીય વિકાસ પરિષદની મંજૂરી મળી ગઈ છે. દસમી યોજનાનો અભિગમ વિકાસના લાભો તમામ લોકો સુધી પહોંચાડીને દેશની કાયાપલટ કરવાનો માર્ગ સૂચવતો દસ્તાવેજ છે.

Scanned with OKEN Scanner

ગુજરાત રાજ્યમાં આવેલ સહકારી મંડળીઓના પ્રકાર :

કોષ્ટક નં. ૧૧.૧

સહકારી મંડળીઓના પ્રકારો (ગુજરાત) વર્ષ ૨૦૨૦

ક્રમ	નામ	ક્રમ	નામ
૧	જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક	૧૪	ગૃહ મંડળી
૨	ખેતી વિષયક ધિરાણ મંડળી	૧૫	મજુર મંડળીઓ
૩	બિન ખેતી વિષયક ધિરાણ મંડળી	૧૬	જિલ્લા સહકારી સંઘ
૪	નાગરિક સહકારી બેંક	૧૭	સુપર વાઇઝિંગ યુનિયન
૫	કોટન સેલ	૧૮	સુગર ફેકટરીઓ
૬	જીનીંગ પ્રેસીંગ મંડળીઓ	૧૯	વાહન વ્યવહાર મંડળીઓ
૭	ખરીદ વેચાણ સંઘો	૨૦	શાક અને ફળ ફળાદિ મંડળી
૮	દૂધ મંડળીઓ	૨૧	તેલીબીયા ઉત્પાદન મંડળી
૯	ફાર્મિંગ મંડળી	૨૨	પશુ ઉછેર મંડળીઓ
૧૦	મરઘા ઉછેર મંડળીઓ	૨૩	વૃક્ષ ઉછેર મંડળીઓ
૧૧	પિયત મંડળીઓ	૨૪	ફુલ ઉત્પાદક મંડળીઓ
૧૨	મત્સ્ય મંડળીઓ	૨૫	અન્ય મંડળીઓ
૧૩	ગ્રાહક મંડળીઓ		

પ્રપ્તિ સ્રોત : https://gu.vikaspedia.in

આમ, ઉપરોક્ત કોષ્ટકના આધારે જોતા ગુજરાતમાં વર્ષ ૨૦૨૦માં ૨૫ પ્રકારની સહકારી મંડળીઓ નોંધનીય રહી છે.

ગુજરાત રાજ્યમાં આવેલ સહકારી મંડળીઓની પ્રકારવાર સંખ્યા દર્શાવતુ પત્રક :

૧૯૬૧માં ગુજરાતમાં ૧૩,૯૫૯ સહકારી મંડળીઓ હતી. જેમાં ૪૧ નાગરિક બેંક, દૂધ મંડળીઓ ૩૦૮, ખાંડના કારખાના ૩ જ્યારે ગૃહસહકારી મંડળીઓ ૧૫,૨૪૪ હતી. (સંદેશ, ૨૨-૦૭-૨૦૨૧)

કોષ્ટક નં. ૧૧.૨

વર્ષવાર / પ્રકારવાર સહકારી મંડળીઓની સંખ્યા દર્શાવતું પત્રક
(તા.૩૧-૦૩-૨૦૧૯ અંતિત)

ક્રમ	વિગત	૨૦૧૭-૧૮	૨૦૧૯-૨૦
૧	રાજ્ય સહકારી બેંક	૦૧	૦૧
૨	મધ્યસ્થ જિલ્લા બેંકો	૧૮	૧૮
૩	રાજ્ય કૃષિ બેંક	૦૧	૦૧
૪	પ્રાથમિક કૃષિ ધિરાણ	૯૫૦૧	૯૯૯૯
૫	નાગરિક બેંકો	૨૨૭	૨૨૫
૬	પ્રાથમિક બિનકૃષિ ધિરાણ	૬૦૫૧	૬૨૫૭
૭	માર્કેટિંગ મંડળીઓ	૨૨૦૫	૨૩૬૨
૮	પ્રક્રિયા મંડળીઓ	૧૨૫૪	૧૨૭૬
૯	દૂધ અને પશુપાલન મંડળીઓ	૧૬૩૧૬	૧૬૭૮૮
૧૦	ખેતી મંડળીઓ	૯૧૬	૯૦૭
૧૧	મત્સ્ય મંડળીઓ	૬૫૯	૭૦૧
૧૨	ગ્રાહક ભંડાર૨૦૧૬	૨૦૨૬	
૧૩	ગૃહ મંડળીઓ	૧૭૪૯૨	૧૭૬૪૨
૧૪	મજુર મંડળીઓ	૩૭૩૨	૩૩૬૪
૧૫	જંગલ કામદાર મંડળીઓ	૧૨૯	૧૩૫
૧૬	સિંચાઇ મંડળીઓ	૪૭૫૧	૪૭૮૦
૧૭	વાહનવ્યવહાર મંડળીઓ	૧૨૦	૧૨૧
૧૮	વિદ્યુત મંડળીઓ	૦૪	૦૭
૧૯	અન્ય બિન ધિરાણ	૭૪૮૭	૯૬૧૧
૨૦	સંઘ અને સંસ્થાઓ	૩૯	૫૦
૨૧	ખાંડ મંડળીઓ	૩૧	૩૦
૨૨	કુટીર ઉદ્યોગ (કા.ચ.)	૪૫૧૮	૪૭૬૭
	કુલ	૭૭૪૬૮	૮૧૪૯૮

પ્રાપ્તિ સ્રોત - સહકાર સમાહ વિશેષાંક ૨૦૨૦ પાના નં. ૧૫૦

ઉપરોક્ત માહિતી અને કોષ્ટક મુજબ જોતા ગુજરાતમાં ૧૯૬૧માં ૧૩૯૫૯ સહકારી મંડળીઓ હતી. જે ૨૦૧૭-૧૮ ના વર્ષમાં ૭૭૪૬૮ સહકારી મંડળી થઈ. ૨૦૧૯-૨૦ ના વર્ષમાં જોતા સહકારી મંડળીઓની સંખ્યા ૮૧,૪૯૮ થઈ છે. જે ગુજરાતમાં સહકારી પ્રવૃત્તિના વિકાસનો સંગીન પુરાવો છે. ૧૯૬૧માં નાગરિક બેંકો ૪૧ હતી જે ૨૦૨૦માં ૨૨૫ થઈ.

દૂધ મંડળી ૩૦૮ હતી જે ૨૦૨૦માં દૂધ પશુપાલનની સહકારી મંડળીઓ ૧૬૭૮૮ થઈ. ખાંડના સહકારી કારખાના માત્ર ત્રણ હતા જે ૨૦૨૦માં ૩૦ થયા. ગૃહસહકારી મંડળીઓ ૧૫૨૪૪ હતી જે આજે વર્તમાનમાં ૧૭૬૪૨ છે. આમ ઉત્તરોત્તર ગુજરાતમાં સહકારી પ્રવૃત્તિનો વ્યાપ વધ્યો છે. ભારતમાં અન્ન ક્ષેત્ર થયેલી હરિયાળી ક્રાંતિ, ડેરી ક્ષેત્રે થયેલી શ્વેત ક્રાંતિ,મત્સ્ય ક્ષેત્રે થયેલી ભૂરી ક્રાંતિમાં પણ સહકારી પ્રવૃત્તિના ફાળાનું યોગદાન ગણી શકાય.

સહકારી ક્ષેત્ર ગ્રામીણ વિસ્તારોના વિકાસ નું કલ્પવૃક્ષ છે. સહકારી બેંકોનું ધિરાણ ગામે ગામ પહોંચ્યું છે. ગામના વિકાસના અનેક કાર્યોમાં સહકારી સંસ્થાઓ નોંધપાત્ર યોગદાન આપે છે. દેશની સહકારી પ્રવૃત્તિ સામે અનેક પડકારો ને પ્રશ્નો પણ છે. સહકારી ક્ષેત્ર અનેક સુધારા પણ માંગે છે. અન્ય ક્ષેત્રની જેમ તેની પણ ઘણી મર્યાદા છે. તે સુધારવા સમગ્ર દેશ માટે એક સહકારી મોડેલ એકટની જરૂર છે. જેને કેન્દ્રમાં રાખીને રાજ્યો પોતાના સહકારી કાયદામાં યોગ્ય સુધારા કરી શકે.

ગાંધીજીએ કહ્યું છે કે સહકારી મંડળીઓને સફળ બનાવવાની ચાવી એ છે કે તેના સભ્યો પ્રામાણિક હોવા જોઈએ. ગાંધીજીની પ્રામાણિકતાની શીખ આજે સૌથી વધુ પ્રસ્તુત છે. જવાહરલાલ નહેરુએ કહ્યું હતું કે સહકાર પર સરકારી નિયંત્રણો ન હોય. સહકારી મંડળીઓતો ગામડામાં રહેનાર ગ્રામવાસીઓ દ્વારા તેમના નિર્ણયથી ચલાવવી જોઈએ સરદાર વલ્લભભાઈએ કહ્યું હતું કે સહકારી મંડળીની સફળતા માટે તેમાં જોડાયેલા તમામ સભ્યો નિસ્વાર્થ અને નિષ્ઠાવાન હોવા જોઈએ આમ ગુજરાતમાં સહકારી ક્ષેત્રની ગાથા દર્શાવતું એક સુંદર મ્યુઝિયમ પણ હોવું જોઈએ જેથી ભાવિ પેઢીને તેમાંથી પ્રેરણા મળે.

૧૧.૪ સહકારી પ્રવૃત્તિની અગત્યતા :

ભારત ગામડાનો દેશ છે, અને ગામડામાં રહેતા મોટા ભાગના ખેડૂતો ગરીબ છે. તેથી તેમની પાસે ધિરાણ લેવા માટે તારણ તરીકે મુકવા માટેની સંપત્તિ પણ હોતી નથી. તેથી તેઓ ધિરાણ મેળવી શકતા નથી. એ માટે સહકારી સંસ્થાઓ દ્વારા ધિરાણ આપવાનો પ્રયત્ન કરવામાં આવે છે. અને આજે લગભગ ૬૦.૦૦ ટકા જેટલું ધિરાણ સહકારી મંડળીઓ દ્વારા પૂરું પાડવામાં આવે છે. અને એ દ્વારા તેમને શાહુકારોના શોષણમાંથી છોડાવવામાં સફળતા મેળવી છે. જો કે આ સફળતા આંશિક છે. છતા પણ એનું મહત્વ ખૂબ વધારે છે. ધિરાણ ઉપરાંત ખેતીને લગતી જરૂરિયાતો જેવી કે ખાતર, દવા, મશીનો, ટેકનિકલ જ્ઞાન વગેરે પૂરું પાડવામાં પણ સહકારી મંડળીઓએ ઘણી સફળતા મેળવી છે. આ સેવાઓ ખેડૂતોને સસ્તા દરે મળતી હોવાથી તેઓ સારો ઉત્સાહ બતાવે તે સ્વાભાવિક છે. એ રીતે પણ સહકારી મંડળીની અસર પડી છે.

ત્યારબાદ ખેડૂતોના ઉત્પાદનના વેચાણ માટે પણ સહકારી મંડળી દ્વારા સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે. આ પહેલાં ખેડૂતોએ તેમનો માલ ખાનગી વેપારીઓને વેચવો પડતો હતો. તેઓ ખેડૂતોનું શોષણ કરતાં હતા. જે હવે ઓછું થયું છે. ખેડૂતોને તેમના ઉત્પાદનના વધુ સારાભાવ મળી રહે છે. આની સામે ગ્રાહકો માટેની મંડળીઓ પણ છે. જેઓ ગ્રાહકોને સસ્તા દરે જીવન - જરૂરિયાતની વસ્તુઓનું વેચાણ કરે છે. ઉત્પાદક અને ગ્રાહક વચ્ચેના મધ્યસ્થીઓને દૂર કરીને ગ્રાહકોને ચીજવસ્તુઓ સસ્તા ભાવે પૂરી પાડે છે. આ રીતે પણ સહકારી પ્રવૃત્તિને કારણે ખેડૂતો અને ગ્રાહકો ઉપર પડતા આર્થિક બોજાને ઓછો કરવામાં ઘણો ભાગ ભજવ્યો છે.

ખેડૂતોના ઉત્પાદિત માલની વહેંચણી સુધીની પ્રક્રિયા કરવા માટે મંડળીઓ અસ્તિત્વમાં આવી છે. જેઓ ખેડૂતો દ્વારા ઉત્પાદિત કાચામાલ ઉપર પ્રક્રિયા કરીને લોકોને વધુ ભાવ આપવાનો પ્રયાસ કરે છે. આ પ્રક્રિયાથી મંડળીઓનો બીજો લાભ એ પણ છે કે તેના દ્વારા સ્થાનિક કક્ષાએ રોજગારીની તકોમાં વધારો થયો છે. આ રીતે લોકોના સામાજિક, આર્થિક જીવન ઉપર અસર પડી છે.

આ ઉપરાંત સહકારી પ્રવૃત્તિના સિધ્ધાંતોમાંથી એક સિધ્ધાંત મુજબ લોકોમાં શિક્ષણ દ્વારા જાગૃતિ લાવવાનો ઘણો પ્રયત્ન થયો છે. તેને કારણે લોકોમાં જાગૃતિ આવી છે અને તેથી લોકો ઉત્પાદનની આધુનિક પધ્ધતિઓ અપનાવીને ઉત્પાદન અને આવક વધારવા શક્તિમાન બન્યા છે. વળી સહકારી પ્રવૃત્તિએ લોકોને લોકશાહીની ભાવના લોકશાહી ઢબે સંસ્થાના સંચાલન અંગે સારી એવી તાલીમ આપી છે. આમ, સહકારી પ્રવૃત્તિ એ લોકોના સામાજિક, આર્થિક ઉત્કર્ષમાં ઘણો મોટો ફાળો આપ્યો છે.

૧૧.૫ સહકારી પ્રવૃત્તિ વિકાસના માધ્યમ તરીકે :

આયોજનના શરૂઆતના વર્ષોમાં જોરદાર માન્યતા હતી કે અર્થતંત્રની ઘણી સમસ્યાઓનો ઉકેલ સહકારી પ્રવૃત્તિ દ્વારા આવી શકશે. અને આ સંદર્ભમાં સહકારી પ્રવૃત્તિને આયોજનમાં મહત્વનું સ્થાન આપવામાં આવ્યું છે. દેશની ઘણી સામાજિક અને આર્થિક સમસ્યાઓ સહકારી માળખા દ્વારા ઉકેલી શકાય તેમ છે. સહકારી પ્રવૃત્તિ દ્વારા દેશની ખેતી અને ગ્રામીણ, ઔદ્યોગિક તેમજ અન્ય ક્ષેત્રોનો વિકાસ કરીને દેશના આર્થિક વૃધ્ધિના દરને પણ ઉંચે લઈ જઈ શકાય છે.

આપણા દેશમાં ગરીબી અને બેકારીએ મુખ્ય આર્થિક સમસ્યાઓ છે. આ સમસ્યાઓને પણ સહકારી ધોરણે ઉકેલી શકાય તેમ છે. સહકારી ડેરી ઉદ્યોગ, ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગ, સહકારી ધોરણે ખેત - ઉદ્યોગ, ગૃહઉદ્યોગો વગેરેનો ગ્રામ્ય વિસ્તારોમાં જ વિકાસ કરીને ગ્રામ્ય લોકોને પૂરક કે સ્વતંત્ર રોજગારી આપી શકાય છે. જેથી ગ્રામીણ અને શહેરી વિસ્તારના સ્થળાંતરના પ્રશ્નો હલ થઈ શકે. વાહનવ્યવહાર, વ્યાપાર, આયાત નિકાસ, મોટા ઉદ્યોગો, જંગલો, સંદેશા વ્યવહાર, વિજળી કંપની, બેકિંગ, ગૃહનિર્માણ વગેરે ક્ષેત્રોનો વિકાસ પણ સહકારી ધોરણે કરી શકાય તેવી પણ ઘણી શક્યતાઓ છે. ગ્રાહક સહકારી પ્રવૃત્તિઓ અને સહકારી ખરીદ - વેચાણ પ્રવૃત્તિના વિકાસથી ગ્રાહકો અને ઉત્પાદકોનું હિત સાચવી શકાય જેથી ફુગાવાના પ્રશ્નોને પણ હલ કરી શકાય. વળી અત્યારનું બજારતંત્ર પણ અનેક મુશ્કેલીઓ ઉભી કરે છે. આવશ્યક વસ્તુઓના ભાવોમાં સતત વધારો થવાથી ગરીબ અને મધ્યમવર્ગના લોકોની મુશ્કેલીમાં ખૂબ વધારો થાય છે. આ સમસ્યાના કાયમી ઉકેલ માટે સહકારી બજાર વ્યવસ્થા વિકસાવવી જરૂરી છે. આ ઉપરાંત ભારતમાં અનેક પ્રકારની ખેતી અને ગ્રામ્ય સમસ્યાઓ છે. આપણાં ગામડાઓ ભાંગી રહ્યા છે. ભારતમાં અનેક પ્રકારની કૃષિ, ગ્રામીણ, આર્થિક અને સામાજિક સમસ્યાઓ છે. ખેતી ગ્રામ્ય વિકાસ માટે પણ સહકારી પ્રવૃત્તિ આવશ્યક સાધન બની રહે છે. સહકારી પ્રવૃત્તિ દ્વારા ખેતીને ધિરાણ, ખેતી વિષયક જરૂરી સાધન, ટેકનિકલ જાણકારી વગેરે સુવિધાઓ આપીને ખેતી -વિકાસ પ્રાપ્ત કરી શકાય છે. આ ઉપરાંત ખેડૂતો દ્વારા જે ખેતપેદાશોનું ઉત્પાદન થાય છે તે ખરીદ - વેચાણ મંડળીઓ દ્વારા નફાકાર ભાવોએ ખરીદી શકાય એવી સહકારી મંડળીઓ દ્વારા ગ્રામ્ય લોકોને જરૂરી તમામ સુવિ[illegible] પૂરી પાડી શકાય છે. સિંચાઈ મંડળીઓ દ્વારા અસરકારક રીતે જળ સંચાલન [illegible]

Scanned with OKEN Scanner

સહકારી પ્રવૃત્તિ દ્વારા દેશમાં શ્વેતક્રાંતિ કરી શકાય છે. તે સાબિત થયું છે. મીલક્રાંતિ અને ઔદ્યોગિક ક્રાંતિ પણ તેના વડે પ્રાપ્ત કરી શકાય છે. આમ દેશમાં સર્વાંગી આર્થિકપ્રસામાજિક વિકાસ પ્રાપ્ત કરવા માટે સહકારી પ્રવૃત્તિ ઘણી જ મદદ રૂપ બની શકે એમ છે. આથી જ નવીન આર્થિક વ્યુહરચના માટે સહકારનો ફાળો ઘણો મહત્વનો છે. આ કારણથી જ દેશના કૃષિ વિકાસ અને ઔદ્યોગિક વિકાસ માટે પંચવર્ષિય યોજનાઓમાં સહકારને અગત્યનું સ્થાન આપવામાં આવ્યું છે. અને રિઝર્વ બેંક ઓફ ઈન્ડીયા દ્વારા નિમાયેલી "All India Rural Credit Survey Committee" એ યોગ્ય રીતેજ કહ્યું છે કે જો સહકાર નિષ્ફળ જશે તો, ગ્રામીણ ભારતની ઉચ્ચ આશા નિષ્ફળ જશે.

૧૧.૬ સહકારના સિદ્ધાંતો :

સહકારી પ્રવૃત્તિનો મુખ્ય હેતુ લોકોનું આર્થિક અને સામાજિક કલ્યાણ સાધવાનો છે. આ હેતુની સિદ્ધિ માટે જે નિયમો અને વ્યવહારિક પદ્ધતિઓ અમલમાં મુકવામાં આવે છે. તેમને સહકારના સિદ્ધાંતો કહી શકાય. સહકારના સિદ્ધાંતો સહકારી પ્રવૃત્તિના મુખ્ય તત્વો કે લક્ષણોને આધારે ઘડવામાં આવેલા છે. સહકારી પ્રવૃત્તિ એ એક સામાજિક–આર્થિક પ્રવૃત્તિ છે. તેથી જ તેના સિદ્ધાંતો દેશના સામાજિકપ્રઆર્થિક માળખામાં પરિવર્તન થતા બદલાતા રહે છે.

આધુનિક યુગમાં ઈંગ્લેન્ડમાં સહકારી પ્રવૃત્તિનો સૌ પ્રથમ પ્રારંભ કરનાર રોશડેલ મંડળીના સ્થાપકોએ પોતાના અનુભવને આધારે સહકારી પ્રવૃત્તિના સાત સિદ્ધાંતો આપ્યા હતા.

(૧) ખુલ્લું સભ્યપદ (૨) લોકશાહી વહીવટ (૩) મુડી પર મર્યાદિત વ્યાજ (૪) ન્યાયી વહેંચણી (૫) રોકડેથી વેચાણ (૬) રાજકીય અને ધાર્મિક તટસ્થતા (૭) સહકારી શિક્ષણ

આ સિદ્ધાંતો રોશડેલ મંડળીના સ્થાપકોએ ઈંગ્લેન્ડની ગ્રાહક સહકારી પ્રવૃત્તિને ધ્યાનમાં રાખીને જ ઘડ્યા હતા. ત્યાર બાદ સહકારી પ્રવૃત્તિ ઉત્તરોત્તર વિકસવા માંડી. સાથે જ લોકોના આર્થિક અને સામાજિક જીવનનાં મોટા ભાગના ક્ષેત્રોને તે સ્પર્શવા લાગી. આજે વિશ્વના મોટાભાગના દેશોમાં જુદાં જુદાં ક્ષેત્રે સહકારી પ્રવૃત્તિ ચાલી રહી છે. અને તેનો સારો એવો વિકાસ થયો છે.આજે ઉત્પાદન, વપરાશ, વેચાણ, સંગ્રહ, ધિરાણ, ખેતી, ઉદ્યોગ, ગૃહનિર્માણ વગેરે અનેક ક્ષેત્રોમાં સહકારી પ્રવૃત્તિએ બહુમુખી વિકાસ સાધ્યો છે. જુદા જુદા દેશોમાં રાજકીય, આર્થિક અને સામાજિક વ્યવસ્થા જુદા જુદા પ્રકારની હોય છે. આથી જુદા જુદા દેશોમાં ચાલતી સહકારી પ્રવૃત્તિને સમાન સિદ્ધાંતોના પાયા પર મુકવા માટે ઈ.સ. ૧૮૯૫ માં આંતરરાષ્ટ્રીય સહકારી સંઘની સ્થાપના કરવામાં આવી. તેમણે નિમેલી એક સમિતિએ ૧૯૩૭ માંજે રિપોર્ટ રજૂ કર્યો છે તેમાં ઉપરોક્ત સાત સિદ્ધાંતોમાંથી પ્રથમ ચાર સિદ્ધાંતોને મુખ્ય અને બાકીના ત્રણ સિદ્ધાંતોને ગૌણ તરીકે જાહેર કર્યા હતા. ત્યારબાદ ૧૯૬૩ માં આંતરરાષ્ટ્રીય સહકારીસંઘની પરિષદ બોર્ન માઉથ (સ્વિટ્ઝલેન્ડ)માં મળી. તેણે છેલ્લા કેટલાંક વર્ષોથી સહકારી પ્રવૃતિનો જે અનેકવિધ અને ઝડપી વિકાસ થયો છે તેના સંદર્ભમાં સહકારના સિદ્ધાંતોની પુર્નરચના કરવા માટે પંચ નિમ્યુ. આ પંચના અધ્યક્ષ તરીકે ભારતના પ્રો. ડી. જી. કર્વે હતા. અન્ય રાજ્યો તરીકે ઈંગ્લેન્ડ, પ્ર. જર્મની, અમેરિકા અને રશિયા માંથી સહકારી પ્રવૃતિના નિષ્ણાંત એક પ્રોફેસર લેવામાં આવ્યા હતા. આ પંચ કે જે કર્વે પંચ તરીકે ઓળખાય છે. તેણે ૧૯૬૬માં મળેલ આંતરરાષ્ટ્રીયસંઘની ૨૩મી પરિષદમાં પોતાનો રીપોર્ટ રજૂ કર્યો.



આ રિપોર્ટમાં સહકારના છ નવા સિધ્ધાંતો રજૂ કરવામાં આવ્યા છે જે નીચે પ્રમાણે છે. ૧. ખુલ્લુ અને સ્વૈચ્છિક સભ્યપદ ૨. લોકશાહી વહીવટ ૩. મુડીપર મર્યાદિત વ્યાજ ૪. ન્યાયી વહેંચણી ૫. સહકારી શિક્ષણ ૬. સહકારી સંસ્થાઓ વચ્ચે સહકાર. આમા મોટા ભાગના સિધ્ધાંતો રોશડેલ મંડળીનાસ્થાપકોએ રજૂ કરેલા સિધ્ધાંતો જ છે. માત્ર રોકડેથી વેચાણ અને રાજકીય અને ધાર્મિક તટસ્થતા એ બે સિધ્ધાંતોને બાકત કરી સહકારી સંસ્થાઓ વચ્ચે સહકાર એ સિધ્ધાંત ઉમેરવામાં આવ્યો છે. રજૂ કરેલા સિધ્ધાંતોનું કર્વે પંચે આધુનિક અર્થઘટ નપણ કર્યું છે.

સહકારના સિધ્ધાંતોના ચાર્ટમાં સહકારના સિધ્ધાંતોને મુખ્ય બે વિભાગોમાં દર્શાવવમાં આવ્યા છે.

૧૧.૬.૧ કર્વે પંચે આપેલા સિદ્ધાંતો :

(૧) ખુલ્લું અને સ્વૈચ્છિક સભ્યપદ :

આ સિધ્ધાંત અનુસાર કોઈપણ લાયક વ્યક્તિ સહકારી સંગઠનમાં કોઈપણ પ્રકારના ભેદભાવ વિના જોઈ શકે છે. સહકારી સંગઠનમાં જોડાવા માટે કોઈ પણ પ્રકારની ધાર્મિક કે રાજકીય વિચારસરણી અવરોધક ન બનવી જોઈએ. સમાન હિત ધરાવતી દરેક વ્યક્તિને સહકારી સંગઠનમાં જોડાવાનો સરખો અધિકાર છે. જે વ્યક્તિ શુભ ઈરાદાથી સહકારી સંગઠનમાં સામેલ થવા માંગતી હોય અને સહકારી સંગઠન પ્રત્યે વફાદારી દાખવે તેવી તમામ વ્યક્તિઓને સહકારી સંગઠનમાં દાખલ કરવી જોઈએ. એટલે કે સહકારી સંગઠન માટેનું સભ્યપદ સમાન હિત ધરાવતી દરેક વ્યક્તિ માટે ખુલ્લું હોવું જોઈએ. ખુલ્લા સભ્ય પદનો અર્થ એ થાય છે કેધર્મ, જ્ઞાતિ અને રાજકીય વિચારસરણી વગેરેના ભેદભાવ વગર બધા લાયક વ્યક્તિઓ માટે સહકારી સંગઠનના દ્વાર હંમેશા ખુલ્લા રહે છે. ખુલ્લા સભ્યપદનો સિધ્ધાંતનો અર્થ એ નથી કે ગમે તે વ્યક્તિ સહકારી સંગઠનમાં જોડાઈ શકે. ક્યા પ્રકારના સહકારી સંગઠનમાં કોને

Scanned with OKEN Scanner

પ્રવેશ મળી શકે તે બાબતમાં લાયકાત નક્કી કરી કેટલાક નિયમો ઘડવામાં આવ્યા હોય છે. દા.ત સગીર વ્યક્તિ, અસ્થિર મગજવાળી વ્યક્તિ અને ગુનાહિત માનસ ધરાવતી વ્યક્તિ કરારધારા પ્રમાણે કરાર કરવા માટે લાયક ગણાતી નથી તેથી તેમને કાયદેસર રીતે સભ્યપદલેતી અટકાવી શકાય. સહકારી પ્રવૃત્તિનાં સરળ સંચાલનને જોખમમાં મુકે તેવી તોફાની તત્વોને સભ્યપદ ન આપવું જોઈએ. વ્યક્તિ સહકારી સંગઠન દ્વારા વેચાતી વસ્તુઓનો વેપાર કરતી હોય તો તે પ્રકારની સહકારી મંડળીઓમાં સભ્યપદ નાં આપવું જોઈએ.

સહકારી સંગઠનમાં ખુલ્લું સભ્યપદ હોય છે. તે જ રીતે તેમાંથી છુટા થવાની પણ સભ્યોને છૂટ હોય છે. સભ્યો અંગત કારણસર કે ગેર વહીવટને કારણે મંડળીમાંથી પોતાની ઈચ્છાથી છુટા થઈ શકે છે. આમ છતાં પોતાના સભ્યપદના સમયગાળા દરમિયાન મંડળીને થયેલ નુકસાનની જવાબદારીઓ માંથી એ છટકી જઈ શકે નહિ.

બીજું કે સહકારી સંગઠન સ્વૈચ્છિક છે. તે કોઈના દબાણને વશ થઈને કરવામાં આવતું નથી. તેથી સહકારી સંગઠનમાં વ્યક્તિ ઈચ્છાથી જોડાય છે. સહકારી સંગઠનએ કોઈ ફરજીયાત સંગઠન નથી. સહકારમાં બળના ઉપયોગને સ્થાન હોઈ શકે નહિ. સહકારી પ્રવૃત્તિમાં વ્યક્તિ સમજણથી અને સ્વેચ્છાથી જોડાય તો જ તેનામાં 'દરેક વ્યક્તિ બધા માટે છે અને બધી વ્યક્તિ દરેક માટે છે.' એ ભાવના જાગૃત થાય.

(૨) લોકશાહી વહીવટ :

આ સિધ્ધાંત મુજબ સહકારી સંગઠન એ લોકશાહી સંસ્થા છે. તેનોવહીવટ લોકશાહી ઢબે ચાલે છે. લોકશાહીમાં લોકો માટે અને લોકો દ્વારા રાજય વહીવટ ચાલતો હોય છે. તેવી જ રીતે સહકારી સંગઠનમાં સભ્ય માટે અને સભ્યો દ્વારા જ તેનો વહીવટ થતો હોય છે. સહકારી સંગઠનના વહીવટમાં દરેક સભ્યને ભાગ લેવાનો સમાન અધિકાર અને સમાન તક હોય છે. તેમાં એક વ્યક્તિ દીઠ એક મતનો સિધ્ધાંત પ્રવર્તે છે. કોઈ પણ સભ્યના ગમે તેટલા શેર હોય પરંતુ તેને એક જ મત આપવાનો અધિકાર હોય છે. તેથી આ સિધ્ધાંત 'એક સભ્ય, એક મત (One Member, one vote) નાં નામે પણ જાણીતો છે. રોશડેલ અગ્રેસરોએ પણ દરેક સભ્યને માત્ર એક મત, કોઈ પણ સભ્ય જે ફાળો આપે તેને આધારે કોઈ ભેદભાવ નહિ' એવો લોકશાહી વહીવટનો સિધ્ધાંત આપ્યો હતો.

સહકારી મંડળીની સાધારણ સભા જે બધા જ સભ્યોની બનેલી હોય છે. તે નિયમ મુજબ ચુંટણી કરીને કાર્ય વાહક સમિતિના સભ્યોને ચુંટી કાઢે છે. આ કાર્યવાહક સમિતિ બધા સભ્યો વતી સહકારી મંડળીનો વહીવટ ચલાવે છે. લોકશાહી વહીવટના સિધ્ધાંત મુજબ સહકારી મંડળીના વહીવટમાં બધા સભ્યો સમાન રીતે ભાગ લઈ શકે છે. તથા નિયંત્રણ રાખી શકે છે. સંયુક્ત મૂડી કંપનીઓમાં તેનો વહીવટ કે સંચાલનમાં મુડીપતિઓનું વિશેષ વર્ચસ્વ હોય છે. કારણ કે તેમાં જેમના વધુ શેરો હોય તેમના વહીવટ પર કાબુ હોય છે. જ્યારે સહકારી પ્રવૃત્તિમાં મુડીને બદલે વ્યક્તિને પ્રાધાન્ય મળે છે.

(૩) મૂડી પર મર્યાદિત વ્યાજ :

સહકારી પ્રવૃત્તિનો મુખ્ય ઉદેશ નફાખોરી અને શોષણખોરી ડામી આવકની ન્યાયી વહેચણી કરી, નૂતન સમાજરચના ઉભી કરવાનો છે. મૂડીવાદી સંસ્થાની જેમ સહકારી સંગઠનો

પણ મૂડી પર અમર્યાદિત વ્યાજ આપવાનું ચાલુ રાખે તો આ ઉદેશ સિદ્ધ થઇ શકે નહિ આથી જ સહકારી સંગઠનમાં મૂડી પર મર્યાદિત વ્યાજ આપવાનું સિદ્ધાંત સ્વીકૃતિ પામ્યો છે. સહકારી સંગઠનોને પણ અન્ય ખાનગી કે જાહેર ધંધાકીય સાહસોની જેમ મૂડીની જરૂર તો પડે જ છે. આમ છતાં એ સ્પષ્ટ છે કે સહકારી સંગઠનોમાં મૂડી કરતા વ્યક્તિને વધુ મહત્વનું સ્થાન આપવામાં આવે છે.

સહકારી મંડળીની કાર્યક્ષમતા તે કેટલું વ્યાજ આપે છે. તેના આધારે નહિ, પરંતુ તે સભ્યોની કેવી અને કેટલાં પ્રમાણમાં સેવા બજાવે છે તેના પર રહે છે.

સહકારી સંગઠનો સભ્યો પાસેથી અને બહારથી મૂડી મેળવે છે સહકારી મંડળીનું શેરભંડોળ સભ્યોની બચત, થાપણો, અનામત ભંડોળ વગેરનું મંડળીની પોતાની મૂડી કહેવાય . જ્યારે બિન સભ્યો પાસેથી મેળવવામાં આવતી થાપણો (બેંક) લોન, સહકારી સહાય વગેરે બહારની મૂડી છે. બહારથી જે મૂડી મેળવવામાં આવે છે. તેના પર તો સહકારી મંડળીએ પ્રચલિત વ્યાજના દરો મુજબ વ્યાજ આપવું જ પડે છે. પરંતુ સભ્યોને શેર મુડી પર તેટલું વ્યાજ ન આપવું જોઈએ. તેમને અપાતા વ્યાજ પર મર્યાદા બાંધીને 'મુડી પર મર્યાદિત વ્યાજ' નાં સિદ્ધાંતનું પાલન કરવું જરૂરી છે. ગુજરાત રાજયના સહકારી કાયદાની કલમ ૬૮ મુજબ મંડળીના સભ્યોની શેર મૂડી પર ૯.૦૦ ટકા કરતા વધુ વ્યાજ આપી શકાય નહિ એવી જોગવાઈ થયેલી છે.

(૪) ન્યાયી વહેંચણી :

સહકારી સંગઠનનો મુખ્ય ઉદેશ નફો કમાવવાનો નથી એ ખરું, પરંતુ તેમ છતાં સહકારી સંગઠન પણ એક ધંધાદારી સંગઠન છે. પરિણામે તેને પોતાની પ્રવૃત્તિમાંથી થોડોઘણો નફો મળે જ છે. સહકારી મંડળીને તેની કુલ આવક માંથી કુલ ખર્ચ બાદ કરતા જે નફો મળે છે તેતેનો કાચો નફો છે. કાચા નફામાંથી ભાડું, વેતન, વ્યાજ ,કરવેરા, ઘસારો વગેરે ખર્ચ બાદ કરતા ચોખ્ખો નફો મળે છે. આ ચોખ્ખા નફામાંથી અનામત ભંડોળ, ડિવિડન્ડ, સહકારી શિક્ષણ ભંડોળ, મકાન ભંડોળ વગેરે કાઢી લીધા પછી ચોખ્ખા નફાનો ત્રણ રીતે ઉપયોગ કરવામાં આવે છે. (૧) સહકારી મંડળીના ધંધાના વિકાસ માટે (૨) સભ્યો માટે સામાન્ય સેવાઓની સગવડ ઉભી કરવા માટે (૩) સભ્યો સાથેના આર્થિક વ્યવહારના પ્રમાણમાં સભ્યો વચ્ચે વહેચવા માટે આમાંથી સભ્યોની ડિવિડન્ડની જે વહેંચણી કરવામાં આવે છે. તે ન્યાયી હોવી જોઈએ તેમ ન્યાયી વહેચણી સિદ્ધાંતો જણાવે છે.

ગ્રાહક સહકારી મંડળીઓમાં સભ્યોની ખરીદીના પ્રમાણમાં, માલ વેચાણ સહકારી મંડળીઓમાં વેચેલ માલની કિમતના પ્રમાણમાં, ઉત્પાદક સહકારી સભ્યોએ કરેલા શ્રમના પ્રમાણમાં, ધિરાણ સહકારી મંડળીઓમાં થયેલા વ્યવહારોના પ્રમાણમાં સભ્યોને ડિવિડન્ડની વહેંચણી કરવી જોઈએ, આ રીતે સહકારી સંગઠનમાં ન્યાયી વહેંચણીને લીધે આર્થિક રીતે નબળા લોકોનું શોષણ થતું અટકે છે.

(૫) સહકારી શિક્ષણ :

જો સહકારી પ્રવૃત્તિ સાથે સંકળાયેલા લોકો અને આમ જનતા સરકારને ફિલસુફી ન સમજતા હોય તેમજ સહકારી મંડળીની કાર્ય પદ્ધતિથી અજ્ઞાત હોય તો સહકારી પ્રવૃત્તિ વિ

Scanned with OKEN Scanner

લોકોમાં ગેરસમજ ઉભી થવાનો સંભવ છે. આથી સહકારી શિક્ષણ એ સહાકારનો અગત્યનો સિધ્ધાંત ગણાય છે. જેથી સહકારી પ્રવૃત્તિના સંચાલકોની ફરજબની રહે છે. કે તેઓ સભ્યો કર્મચારીઓ અને સહકારી પ્રવૃત્તિમાં રસ ધરાવતા લોકોને તેમની જરૂરીયાત પ્રમાણે સહકારી શિક્ષણ અને તાલીમ આપવાની વ્યવસ્થા કરે, જો આવી વ્યવસ્થા થાય તો જ સહકારી પ્રવૃત્તિ સમાજમાં તંદુરસ્ત રીતે વિકાસ પામે અને લોકોને તેના લાભ પ્રાપ્ત થાય. સહકારી શિક્ષણમાં નીચે મુજબની મહત્વની બાબતોનો સમાવેશ કરવો જોઈએ. (૧) સહકારી શિક્ષણમાં સહકારની ફિલસુફી, સહકારી મંડળીની કાર્યપદ્ધતિ, સહકારી કાયદા, સહકારી મંડળીના હિસાબો અને તેનું અન્વેષણ વગેરે લગતી બાબતોના મુદ્દાઓનો સમાવેશ કરવો જોઈએ. (૨) સભ્યો પોતાની ધંધાકીય અને સામાજિક પ્રગતિ કેવી રીતે સાધી શકે એવા વ્યવહારિક પાસાઓ પણ સહકારી શિક્ષણમાં સમાવી લેવા જોઈએ. (૩) સ્થાનિક પરિસ્થતિ મુજબ ખેતી, પશુપાલન, ગૃહઉદ્યોગો, આરોગ્ય, સમાજ જીવન, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે સહકારી પ્રવૃત્તિના પ્રવાહો અને ફેરફારો વિશે પણ જરૂરી જ્ઞાન આપવાની વ્યવસ્થા સહકારી શિક્ષણ દ્વારા થવી જોઈએ.

સહકારી શિક્ષણ મેળવવાની ઈચ્છા રાખનાર કોઈ પણ વ્યક્તિને જાતિ, ધર્મ, કોમ, વગેરેમાં ભેદભાવ રાખ્યા વગર શિક્ષણ આપવાની વ્યવસ્થા કરવી જોઈએ.

ભારતમાં સહકારી તાલીમ માટેની રાષ્ટ્રીય સમિતિ ઉચ્ચ અને માધ્યમ કક્ષાના સહકારી કર્મચારીઓ માટે તાલીમની વ્યવસ્થા સંભાળે છે. સહકારી ક્ષેત્રે તાલીમ અને સંશોધન કાર્યક્રમ હાથ ધરવા માટે વિ. એલ. મહેતા નેશનલ ઈન્સ્ટીટ્યુટ ફોર કોપ્રઓપરેટીવ મેનેજમેન્ટ નામની સંસ્થા પૂના મુકામે કાર્ય કરે છે. આ ઉપરાંત જુદા જુદા રાજ્યોમાં કુલ ૧૭ કોપ્રઓપરેટીવ ટ્રેનીંગ કોલેજ પણ ચાલે છે. નીચલી કક્ષાના કર્મચારીઓને તાલીમ આપવા માટે દેશમાં ૮૯ સહકારી તાલીમ કેન્દ્રો છે.

(૬) સહકારી સંસ્થાઓ વચ્ચે સહકાર :

એક નૂતન સહકારી સમાજની સ્થાપનાનું ધ્યેય સિદ્ધ કરવા માટે સહકારી સંસ્થાઓ એકબીજા સાથે સહકારથી કાર્ય કરે એ ખુબ જરૂરી છે. સહકારી સંસ્થાઓ વચ્ચે સહકાર આર્થિક બાબત અગત્યની બનતી હોય છે. તેથી તેઓએ આર્થિક બાબતોમાં એક બીજા પ્રત્યે કોઈ દબાણ ન લાવવું જોઈએ. તેઓએ અન્ય સહકારી સંસ્થાને બજાર ભાવે અને શક્ય હોઈ તો થાડા ઓછા ભાવે વસ્તુ અને સેવાઓ પૂરી પાડવી જોઈએ.

પ્રાથમિક, જીલ્લા કક્ષાની, રાજય કક્ષાની, રાષ્ટ્રીય કક્ષાની અને આંતરરાષ્ટ્રીય કક્ષાની સહકારી મંડળી વચ્ચે ધંધાની દ્રષ્ટીએ સહકાર સંધાઈ તેવા પગલા લેવા જોઈએ. તમામ કક્ષાની સહકારી મંડળીઓ વચ્ચે પરસ્પર ધંધાકીય સહકાર અને સંકલન હોય તોજ સહાકારી પ્રવૃત્તિ ઝડપથી વિકસે છે.

વર્તમાન સમયમાં જાહેર ક્ષેત્ર અને ખાનગી ક્ષેત્ર વચ્ચે તીવ્ર હરીફાઈ ચાલી રહી છે. ત્યારે સહકારી મંડળીઓને તેમનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે પરસ્પર સહકારથી કાર્ય કરવાની ખુબ જરૂર છે.

સહકારી સંસ્થાઓ વચ્ચે સહકારના સિદ્ધાંતોનું યોગ્ય પાલન થાય તો દેશમાં સહકારી પ્રવૃત્તિ ઝડપથી વિકસી શકે અને 'સહકારી સમાજ' ની દિશામાં ઝ ડપથી આગળ વધી શકાય.

૧૧.૬.૨ અન્ય સિદ્ધાંતો :

(૧) સમાનતા :

સહકારી પ્રવૃતિમાં સમાનતાનો સિધ્ધાંત પાળવામાં આવે એ જરૂરી છે. સહકારી પ્રવૃતિમાં જોડાતા તમામ સભ્યોને સમાન ગણવામાં આવે છે. તેમાં કોઈ ઉચ્ચ કે નીચ નથી કોઈ પણ સભ્ય સહકારી મંડળીમાં ગમે તેટલી શેરમૂડી ભરે તો પણ તેને અન્ય સભ્યો કરતા વિશેષ અધિકાર પ્રાપ્ત થતા નથી. સહકારી સંગઠનની સેવાનો લાભ દરેક વ્યક્તિને સમાન રીતે મળે છે.

(૨) સ્વાશ્રય :

સહકાર દ્વારા સ્વાશ્રય કે આત્મ નિર્ભરતાના સિદ્ધાંતોનું પાલન થવું એ આવશ્યક છે. સહકારી પ્રવૃત્તિમાં જોડાયેલા સભ્યો પરસ્પરને મદદ કરી છેવટે તો પોતાની જાતને મદદ કરે છે. સ્વાશ્રયનો સિધ્ધાંત સભ્યમાં આત્મનિર્ભરતાનો ગુણ કેળવી ઉચ્ચ જીવનધોરણની પ્રાપ્તિમાં સહાયરૂપ નીવડે છે.

(૩) કરકસર :

આ સિધ્ધાંત દ્વારા સહકારી પ્રવૃત્તિ સભ્યોમાં કરકસરની ટેવ ખીલવે છે. કરકસરની ટેવ ગરીબલોકો માટે આશીર્વાદરૂપ બંને છે. કારણ કે કરકસરની ટેવને લીધે તેઓ અનેક ખોટા ખર્ચાઓ માંથી બચી શકે છે. કરકસરનો સિધ્ધાંત સભ્યોને બચત કરતા શીખવે છે. સભ્યોની બચતો વધે તો સહકારી મંડળીને તે બચતોની સામે સહકારી બેંક અને સરકાર પાસેથી વધુ નાણા મળી શકે છે. પરિણામે સહકારી મંડળીનો ધંધો વિકસે છે. અને એ રીતે તે પોતાના સભ્યોના જીવન ધોરણને સુધારી શકે છે.

(૪) સેવા :

સેવાના સિધ્ધાંત દર્શાવે છે કે કોઈપણ સહકારી સંગઠન દ્વારા સભ્યોની વધુમાં વધુ પ્રમાણમાં ઉત્તમ રીતે સેવા થવી જોઈએ. અર્થાત સભ્યોનું મહત્તમ કલ્યાણ સાધવું જોઈએ. સહકારી સંગઠનમાં જોડાનાર વ્યક્તિઓમાં સહકારની ભાવના સાથે સેવાવૃતિનો વિકાસ થાય એવું પણ સિદ્ધાંતમાંથી ફલિત થાય છે.

સહકારી સંગઠન એ મોટાભાગે આર્થિક રીતે નબળા લોકોનું સંગઠન છે. તેથી તેના સંચાલન માટે બહુ ઉંચા પગારવાળો સ્ટાફ રોકી શકાય નહિ. જેથી સહકારી સંગઠનમાં માનદ્સેવા પર ભાર મૂકવામાં આવે છે.

૫) પ્રસિદ્ધિ :

આધુનિક યુગમાં પ્રસિદ્ધિ એ સહકારી પ્રવૃતિનો જરૂરી સિધ્ધાંત ગણાય છે. સહકારી સંસ્થાઓ પોતાની પ્રવૃતિઓ વિષે છાપાઓ, રેડિયો, ટી.વી. સેટ વગેરે દ્વારા લોકોને માહિતી આપે અને તે વિશે પ્રચાર કરે એ ઈચ્છનીય ગણાય. આ પ્રકારની પ્રસિદ્ધિ અને પ્રચારથી સહકાર સંસ્થાઓમાં સભ્યોની ભાગીદારી અને કાર્યક્ષમતા વધુ અસરકારક બને છે. સભ્યોની સહકારી પ્રવૃતિ માટે કાર્ય કરવાનો ઉત્સાહ વધે છે. વળી તેને લીધે વધુ ને વધુ લોકો સહકારી

Scanned with OKEN Scanner

પ્રવૃતિમાં જોડાતા તેના વિકાસને વેગ મળે છે. પ્રસિદ્ધિ અને પ્રચારને લીધે સહકારી પ્રવૃતિ પ્રત્યેનો પૂર્વગ્રહ દૂર થઈ શકે છે. સહકારી પ્રવૃત્તિથી થતાં લાભોની જાણ લોકોને કરી શકાય છે.

આમ, સહકારી પ્રવૃતિને વ્યવસ્થિત બનાવી, સુદૃઢ પાયા પર મૂકી, તેના ઝડપી વિસ્તારમાં પ્રસિધ્ધિનો સિધ્ધાંત અગત્યનો ભાગ ભજવે છે.

૬) રાજકીય અને ધાર્મિક તટસ્થાતા :

સહકારી સંગઠન રાજકીય અને ધાર્મિક બાબતોમાં તટસ્થતા ધરાવતું હોવું જોઈએ. સહકારી સંગઠનમાં કોઈ પક્ષીય વાતાવરણ ન હોવું જોઈએ. સહકારી સંગઠનનો કોઈ એક ધર્મ કે કોઈ એક પક્ષ પ્રત્યે પક્ષપાત ન દાખવવો જોઈએ. જો સહકારી સંસ્થા રાજકીય અને ધાર્મિક તટસ્થતા ન દાખવી શકે તો તેમાં અનેક ઝઘડા, મતભેદ અને વિવાદો ઊભા થાય છે. પરિણામે સહકારી પ્રવૃતિ નબળી પડે છે. તેનો વિકાસ રૂંધાય છે. લોકોનો વિશ્વાસ અને શ્રધ્ધા ઘટે છે. આથીજ સહકારી પ્રવૃતિમાં કોઈ એક રાજકીય ધર્મને લેશમાત્ર સ્થાન ન મળે તે જોવું જોઈએ. રાજકીય અને ધાર્મિક તટસ્થાનો સિધ્ધાંત રોશડેલ અગ્રેસરોએ આપ્યો છે. પરંતુ કર્વે પાંચ તે કાઢી નાખ્યો છે. આમ છતાં વ્યવહારમાં સિધ્ધાંત સહકારી પ્રવૃતિ માટે ખૂબજ ઉપયોગી સાબિત થાય તેવો છે.

૧૧.૭ ગુજરાતમાં સહકારી ક્ષેત્રનું માળખું :

ગુજરાતમાં સહકારી ક્ષેત્રનું માળખું નીચે પ્રમાણે છે.

ગુજરાતમાં સહકારી બેંકિગનું માળખું - ત્રીસ્તરીય માળખું



ઉપયુક્ત આકૃતિમાં દર્શાવ્યા મુજબ ગુજરાતમાં સહકારી બેંન્કિંગ માળખું પિરામિડ આકારનું ત્રિસ્તરીય માળખું છે. રાજ્ય કક્ષાએ ટોચ પર રાજ્ય સહકારી બેંકો છે. જે રાજ્યની તમામ સહકારી બેંકો પર અંકુશ ધરાવે છે. વચગાળા સ્તરે મધ્યસ્થ અથવા જિલ્લા સહકારી બેંકો હોય છે. સામાન્ય રીતે દરેક જિલ્લા માટે એક મધ્યસ્થ સહકારી બેંક હોય છે. અને છેક છેલ્લે પાયામાં પ્રાથમિક સહકારી ધિરાણ મંડળીઓ હોય છે.

આ ઉપરાંત જમીન વિકાસ બેંક અને નાગરિક સહકારી બેંકોએ પણ મહત્વનો ફાળો આપ્યો છે. આમ ગુજરાતના સહકારી બેંકિંગ માળખામાં નીચેની સંસ્થાઓ છે.

(૧) પ્રાથમિક સહકારી મંડળી
(૨) જીલ્લા સહકારી બેંક
(૩) રાજ્ય સહકારી બેંક
(૪) સહકારી જમીન વિકાસ બેંક
(૫) નાગરિક સહકારી બેંક

સહકારી બેંકિંગ પ્રથામાં પ્રવર્તમાન સમવાયતંત્રના સમર્થકો એમ જણાવે છે. કે પાયામાં નાની પ્રાથમિક સહકારી ધિરાણ મંડળી દ્વારા વહીવટ થતો હોવાથી વિકેન્દ્રીકરણના ફાયદા પણ મળી શકે છે. પાયાની મંડળીમાં સ્થાનિક નેતાગીરીને પૂરતી તક મળે છે. બજારમાંથી ધિરાણ પ્રાપ્ત કરવા માટે, સાધનો ગતિશીલ બનાવવા માટે, જરૂરી ધિરાણ કરવા માટે અને અસરકારક વસુલાત માટે જે સ્તરની સંસ્થા જોઈએ તે સ્તરે મધ્યસ્થ સહકારી બેંક અને રાજ્ય સહકારી બેંક પૂરું પાડે છે. આથી સહકારી પ્રવૃતિ કાર્યદક્ષ રીતે કામગીરી કરી શકે છે.

ગુજરાતમાં ખેત ધિરાણના પ્રકાર :

ગુજરાતમાંના બેંકિંગ માળખામાં સહકારી બેંકો આજે મહત્વની ભૂમિકા ભજવે છે. આ બેંકોની સ્થાપના ૨૦મી સદીના આરંભમાં થઈ હતી. તેમનું મુખ્ય કાર્ય કૃષિક્ષેત્રે ટૂંકા અને મધ્યમ ગાળાનું ધિરાણ પુરું પાડવાનું રહ્યું છે. ગુજરાતમાં ખેડૂતોની ખેતધિરાણ અંગેની જરૂરિયાત ત્રણ પ્રકારની હોય છે.

(૧) ટૂંકાગાળાનું ધિરાણ (૨) મધ્યમ ગાળાનું ધિરાણ (૩) લાંબા ગાળનું ધિરાણ

(૧) ટૂંકા ગાળાનું ધિરાણ : આ ધિરાણ સામાન્ય રીતે ૧૫ માસ કરતા ઓછી મુદત માટેનું હોય છે. ખેતીની ઉત્પાદન પ્રક્રિયામાં જરૂરી ચૂકવણીઓ કરવા માટે લેવાતા ધિરાણને ટૂંકા ગાળાનું ધિરાણ કહેવામાં આવે છે. દા.ત. જમીન મહેસૂલ, નાના ઓજારો, બિયારણ, જંતુનાશક દવાઓ ખેત મજૂરોનું વેતન.

(૨) મધ્યમ ગાળાનું ધિરાણ : મધ્યમ ગાળાનું ધિરાણ સામાન્ય રીતે બે થી પાંચ વર્ષની મુદતનું હોય છે. પમ્પિંગ સેટ, ટ્રેક્ટર, બુલડોઝર, ઓઈલ એન્જિન જેવા સાધનો ખરીદવા માટે તથા જમીનની સામાન્ય સુધારણા માટે, સિંચાઈની સામાન્ય યોજના, બળદ વગેરે ખરીદવા માટે આ પ્રકારના ધિરાણની જરૂર પડે છે.

(૩) લાંબા ગાળાનું ધિરાણ : સામાન્ય રીતે લાંબાગાળાના ધિરાણની મુદત ૫ થી ૧૫ વર્ષની હોય છે. આ ધિરાણ ખેતીમાં મૂળગામી વિકાસ સાધવા માટે લેવામાં આવે છે. દા.ત. પ્ર ખેતીમાં ભારે યાંત્રીકરણ કરવા, કૂવા બનાવવા ખરાબાની જમીનની નવરચના, જમીનની ખરીદી વગેરે માટે

૧૧.૮ ગુજરાતમાં સહકારી ક્ષેત્રના મુખ્ય હેતુઓ :

(૧) સહકારી સંસ્થાઓના માધ્યમ દ્વારા ગરીબો અને મધ્યમ વર્ગનાલોકોનો અરસપરસ આર્થિક વિકાસ થાય.

(૨) ખેડૂતોના ઉત્પાદનની યોગ્ય અને ન્યાયી વળતર મળી રહે.

Scanned with OKEN Scanner

(૩) ગ્રાહકો અને વપરાશ કારોને યોગ્ય ભાવે જીવન જરૂરિયાતની ચીજ વસ્તુઓ મળી રહે.

(૪) આર્થિક જરૂરિયાતવાળા લોકોને યોગ્ય અને વ્યાજબી વ્યાજના દરે જરૂરી નાણાં મળે તે માટે સહકારી સંસ્થાઓની નોંધણી કરી નોંધાયેલી સહકારી સંસ્થાઓ ઉપર કાયદા મુજબ દેખરેખ રાખવી, નિયંત્રણ કરવું અને આવી સહકારી સંસ્થાઓને રાજ્ય સરકાર પોતાની જુદી - જુદી યોજનાઓ હેઠળ જરૂરી નાણાકીય મદદ પુરી પાડવી.

(૫) ખેત ઉત્પાદન તથા તેની સહાયક એવી પશુપાલન પ્રવૃત્તિ માટે ખેત ઉત્પાદનના યોગ્ય અને વ્યાજબી ભાવ રહે તે માટે ખેત ઉત્પાદનોના ખરીદવેચાણની બજાર વ્યવસ્થા કરવા માટે રાજ્યના જુદા જુદા સ્થળોએ ખેત ઉત્પન્ન બજાર સમિતિઓની રચના કરવી આ સમિતિઓ ઉપર કાયદા હેઠળ દેખરેખ અને નિયંત્રણ રાખવું જોઈએ.

(૬) ખેત ઉત્પાદનનું જુદાજુદા વર્ગોમાં વર્ગીકરણ કરવું.

(૭) ખેત ઉત્પાદનની વેચાણ વ્યવસ્થા તથા સંગ્રહ વ્યવસ્થા માટે સુવિધાઓ પુરી પાડવા માટે સરકારે નક્કી કરેલ જુદી જુદી યોજનાઓ નીચે મુજબ બજાર સમિતિઓને નાણાંકીય સહાય આપવી.

(૮) સમાજના નીચલા (એવા) ખેડૂત વર્ગનો આર્થિક વિકાસ કરી ઉપર લાવવા મદદ કરવાનો હેતું રહ્યો છે.

(૯) સમાજના આર્થિક રીતે નબળા અને જે કોઈને સંસ્થાકીય ધિરાણો મળી શકે તેમ નથી તેવા વર્ગના લોકો કે જેઓ એ ફરજીયાત પણે ખાનગી શાહુકારો પાસેથી ધિરાણ મેળવવું પડે તેવા ધિરાણ લેનાર ગરીબ વર્ગને શાહુકારો ઉંચા વ્યાજદરે લઈ શોષણ કરે નહિ તે માટે આવા લોકોને રક્ષણ પુરુ પાડવા માટે શાહુકારો ઉપર કાયદાકીય જરૂરી નિયંત્રણ કરવાનો હેતું.

(૧૦) માલખાનાં પોતકે ફ્લેટોના બાંધકામ કરાવવા અને તેના વેચાણ વહીવટ અને તબદિલ અંગે નિયંત્રણ કરવા તથા વ્યક્તિગત ફ્લેટની માહિતી માટે તથા આવા ફ્લેટની જે તે ધારકને તબદિલ પાત્ર બનાવવા જે તે બિલ્ડર, ઓર્ગેનાઈઝર, પ્રમોટર્સ પાસેથી ફ્લેટ અંગેના રેકર્ડ માંગીને તપાસીને ફ્લેટ ધારકોને છેતરતા અટકાવવા માટે બિલ્ડરો ઉપર નિયંત્રણનો હેતુ.

૧૧.૯ સહકારના લક્ષણો :

(૧) **સર્વવ્યાપક :** સહકારનો ખ્યાલ સર્વવ્યાપી છે. સહકાર પર આધારિત કોઈ પણ પ્રવૃત્તિ એટલે કે સહકારી પ્રવૃત્તિને સ્થળ અને કાળનું કોઈ બંધન નથી.

(૨) **સમાનતા :** સહકારમાં સમાનતાને સર્વોચ્ચ સ્થાન અપાય છે. તેમાં પુરુષ - સ્ત્રી, ઉચ્ચનીચ ગરીબ - ધનિકના કોઈ ભેદભાવ હોતા નથી. કોઈ પણ વ્યક્તિ સહકારી પ્રવૃત્તિમાં દાખલ થઈ શકે અને સંચાલનમાં ભાગ લઈ શકે છે.

(૩) **બંધુત્વ :** સહકારી પ્રવૃત્તિમાં જોડાયેલ વ્યક્તિઓ એકબીજા સાથે બંધુત્વની ભાવનાથી કે ભાઈચારાથી કાર્ય કરે છે.

(૪) **સ્વતંત્રતા :** સહકારમાં સ્વતંત્રતાનો ઉચ્ચ આદર્શ જળવાઈ રહે છે. સહકારી પ્રવૃત્તિમાં દરેક વ્યક્તિ વિચાર અને વાણી સ્વાતંત્ર્ય ધરાવે છે. સમૂહ કલ્યાણમાં બાધક ન બને એ રીતે સભ્યોને વર્તવાની છુટ હોય છે.

(૫) **એકતા :** સહકારમાં રહેલી એકતા જ ધ્યેય સિદ્ધિ અપાવે છે. સહકારમાં એકતાનું બળ હોય છે. મુડી કે સત્તાનું નહિ.

(૬) **કરકસર :** સહકાર સભ્યોમાં કરકસરનો ગુણ ખીલવી તેમના ચારિત્ર્યનું ઘડતર કરે છે. જે તેમને ઉચ્ચ જીવન ધોરણની પ્રાપ્તિમાં મદદરૂપ બને છે.

(૭) **સ્વશાસન :** સ્વશાસનને લીધે સભ્યોમાં શિસ્તનો ગુણ ખીલે છે. સહકારી પ્રવૃત્તિ લોકશાહી ધોરણે ચાલે છે. તેમાં દરેકને મતાધિકાર સમાન હોય છે. સંચાલનમાં ભાગ લેવાનો સમાન મોકો સહકારી પ્રવૃત્તિમાં મળે છે.

(૮) **ન્યાય :** સહકારમાં આદર્શ સમાજ માટે જરૂરી તત્વ એવું ન્યાયનું તત્વ રહેલું છે. સહકાર સામાજિક અને આર્થિક ન્યાયને પોષે છે.

(૯) **સ્વાશ્રય :** સહકાર પરાવલંબન દૂર કરી સ્વાવલંબનના ગુણોને પ્રાધાન્ય આપે છે. જે સહકારી પ્રવૃત્તિની સફળતા માટે અત્યંત જરૂરી છે.

(૧૦) **શિક્ષણ :** સહકારી પ્રવૃત્તિ સભ્યોને સામાન્ય શિક્ષણ અને તેમના ધંધાને લગતું વ્યવહારિક જ્ઞાન આપવાની વ્યવસ્થા કરી ને ઘણી મહત્વની સેવા બજાવે છે.

૧૧.૧૦ સહકારી ક્ષેત્રની મુખ્ય પ્રવૃત્તિઓ અને કાર્યો :

સહકારીક્ષેત્રના કાયદાઓ અન્વયે પ્રવૃત્તિઓ અને કાર્યો નીચે મુજબના ગણી શકાય.

(૧) સહકારી મંડળીઓમાં કાયદાનો અમલ કરવો અને તે હેઠળ સહકારી મંડળીની નોંધણી કરવી. મંડળીના પેટા નિયમ સુધારવા મંડળીઓ ઉપર નિરીક્ષણ રાખવું. મંડળીઓના હિસાબોની તપાસણી કરવી. મંડળીઓ ઉપર કાયદા મુજબ નિયંત્રણ રાખવું. મંડળીના હિસાબોનું ઓડિટ કરાવવું મંડળી તથા સભાસદો વચ્ચેની તકરારોમાં નીવેડો લાવવા, મંડળી કામ કરતી બંધ થાય ત્યારે આવી મંડળીને આટોપવાની કામગીરી કરવી. મંડળીઓના કાયદા હેઠળ આપી શકાતી સેવાઓ પુરી પાડવી. રાજ્યની યોજનાઓ હેઠળ મંડળીઓને નાણાકીય સુવિધાઓ પુરી પાડવી.

(૨) ગુજરાત ખેત ઉત્પન્ન બજાર સમિતિઓના કાયદાનો અમલ કરવા (અધિનિયમ - ૧૯૬૩) આ કાયદા હેઠળ સમિતિઓની રચના કરવી તેમજ ઉત્પન્ન નિયમો માટેનો ઇરાદો જાહેર કરવો. કાયદાના હિતો માટે બજાર ઉપવિધિઓ નોંધાવવા જે સમિતિઓની કાયદા મુજબ ચકાસણી કરવી. બજાર સમિતિઓની ચૂંટણી કરવી ખેડૂતોના હિતોને નુકશાન ના થાય તે જોવું.

(૩) શાહુકાર ધારાનો અમલ કરવો અને તે હેઠળ શાહુકારોને લાયસન્સ આપવા શાહુકારો વિરૂદ્ધ આવેલી અરજીઓ અંગે તપાસ કરવી. શાહુકાર ધારાનો (૧૯૪૬) અંગ

કરતા શાહુકારો સામે કાયદાકીય પગલાં ભરવા ખાનગી શાહુકારો પાસેથીધિરાણ મેળવતા ગરીબ માણસોનું શોષણ અટકાવવું.

(૪) ગુજરાત ઓનરશીપ ફ્લેટ એક્ટ (૧૯૭૩) નો અમલ કરવા આ કાયદા હેઠળ ફ્લેટ બનાવનાર બીલ્ડર્સ, પ્રમોટર્સ વગેરે કાયદાની કલમ - ૫ તથા નિયમ - ૧૦ હેઠળ દસ્તાવેજો રેકર્ડ રજુ કરાવવા જણાવવું. રેકર્ડ તપાસવું અને ફ્લેટ રાખનારના હિતોની જાળવણી કરવી.

(૫) જુદા-જુદા પ્રકારની સહકારી મંડળીઓને તથા માર્કેટ કમિટિઓને રાજ્યની જુદીપ્ર જુદી યોજનાઓ હેઠળ આવી સહકારી મંડળીઓને મળવાપાત્ર નાણાંકીય મદદ આપવામાં આવે છે. યોજનાઓનો અમલ થાય છે તેની અલગ પુસ્તિકા છાપવામાં આવે છે. તેમાં તમામ વિગતો સવિસ્તાર આપવામાં આવે છે.

૧૧.૧૧ ગુજરાત સહકારી ક્ષેત્રની મુખ્ય કામગીરી :

૧. રાજ્યની સહકારી સંસ્થાઓનો વિકાસ, સહકારી સંસ્થાઓ ઉપર નિયંત્રણ તથા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ નો અમલ કરવાની કામગીરી.

૨. રાજ્યની ખેત ઉત્પન્ન બજાર સમિતિઓના વિકાસતથા નિયંત્રણ માટે ગુજરાત ખેતી ઉત્પન્ન બજાર અધિનિયમ ૧૯૬૩ના અમલની કામગીરી.

૩. મુંબઈ શાહુકાર ધારા ૧૯૪૬ હેઠળ ખાનગી શાહુકારો તરફથી કર્જ લેનારનું શોષણ અટકાવવું અને તે રીતે શાહુકારો ઉપર શાહુકારો ધારા અન્વયે નિયંત્રણ કરવાનીકામગીરી.

૪. ગુજરાત ઓનરશીપ ફ્લેટ એક્ટ ૧૯૭૩ માં અમલીકરણની કામગીરી.

સહકાર ખાતા હસ્તકની કામગીરી અમલીકરણ માટે રજીસ્ટર, સહકારી મંડળીઓ ગુ.રા.ગાંધીનગરની કચેરી ખાતાની વડી કચેરી છે. તેમના નિયંત્રણ હેઠળ વડી કચેરીમાં અધિક રજીસ્ટ્રાર, સયુંક્ત રજીસ્ટ્રાર, નાયબ રજીસ્ટ્રાર અને મદદનીશ રજીસ્ટ્રાર વગેરે જુદી જુદી કામગીરી સંભાળે છે. જ્યારે જિલ્લા કક્ષાએ સંબંધિત જિલ્લાના રજીસ્ટ્રાર સહકારી મંડળીઓની કામગીરી સંભાળે છે. કુલ ૨૫ જિલ્લા આવેલ છે. આ તમામ જિલ્લા મથકોએ જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓની કચેરી આવેલી છે.

મની લેન્ડીંગ એક્ટના અમલીકરણ માટે વડોદરા, મહેસાણા, સુરત, ભાવનગર, રાજકોટ અને ગોધરા ખાતે મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર ધિરધારની કચેરીઓ આવેલી છે.

રાજ્યમાં આવેલી તમામ સહકારી મંડળીઓના ઓડિટ કરાવવા માટે વિભાગીય કક્ષાએ - અમદાવાદ, વડોદરા અને રાજકોટ ખાતે સંયુક્ત રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ ઓડીટ (વિભાગીય) ની કચેરી આવેલી છે.

જિલ્લા કક્ષાએ ઓડિટ માળખું જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ હસ્તક છે. જે રાજ્યમાં આવેલી જુદા જુદા પ્રકારની સહકારી મંડળીઓના હિસાબો ઓડિટ કરવાની કામગીરી કરે છે. જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકો, તથા જિલ્લા દૂધ ઉત્પાદક સંઘો માટે વર્ગ-૧ અને વર્ગ-૨ ની કક્ષાની ખાસ અન્વેષકોની જગ્યાઓ ઉભી કરવામાં આવેલ છે. તે મહેકમ દ્વારા જિલ્લા

મધ્યસ્થ સહકારી બેંકો અને જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘોના ઓડિટની કામગીરી થાય છે. દૂધ મંડળીઓના ઓડિટ માટે અને દૂધ ઉત્પાદક સહકારી સંઘનાઓડિટ માટે સહકાર વિભાગ દ્વારા એક અલગ નિરીક્ષણ અને અન્વેષક સમિતિની રચના કરવામાં આવેલ છે. આ સમિતિના મુખ્ય કાર્યપાલક અધિકાર રાજ્યમાં આવેલી દૂધ મંડળીઓ અને જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘોમાં ઓડિટની કામગીરી અલગથી સંભાળે છે.

૧૧.૧૨ રાજ્યની સહકાર પ્રવૃતિઓની સિધ્ધિ :

ગુજરાત રાજ્ય સહકારી પ્રવૃતિ ક્ષેત્રે અગ્રેસર રાજ્ય છે. રાજ્યમાં હાલમાં ૮૧૪૬૮ સહકારી મંડળી આવેલી છે. જેની સાથે સયોજિત થયેલ સભાસદોની સંખ્યા ૧.૬૫ કરોડ જેટલી છે. આમ દર ચોથો ગુજરાતી પ્રત્યક્ષ પરોક્ષ રીતે સહકારી પ્રવૃતિ સાથે જોડાયેલ છે.

૧૧.૧૨.૧ કૃષિ ધિરાણ :

- ૧૯.૫૨ લાખ ખેડૂતોને જુન - ૨૦૨૦ સુધીમાં કિસાન ક્રેડીટ કાર્ડ આપવામાં આવેલ છે. જેમાંથી ૧૪.૫૯ લાખ કિસાન ક્રેડીટ કાર્ડ ઓપરેટીવ છે.
- જુન - ૨૦૨૦ અંતિત ચાલુ વર્ષે આ સહકારી સંસ્થાઓ દ્વારા રૂ. ૧૧૨૮૫.૧૩ કરોડનું પાક ધિરાણ અને રૂ.૨૪૩.૫૨ કરોડનું મધ્યમ અને લાંબી મુદતનું ધિરાણ કરેલ છે.
- રાજ્યના ખેડૂતો વિના વ્યાજે ધિરાણ મળી રહે તે માટે, સમયસર પાક ધિરાણ પરત ભરપાઈ કરતા ખેડૂતો માટે રાજ્ય સરકારશ્રી દ્વારા વર્ષ - ૨૦૧૭-૧૮ થી ૪ ટકા વ્યાજ રાહતનીયોજનાઅમલમાં આવેલ છે. જેના કારણે ખેડૂતોને વિના વ્યાજે રૂ. ૩ લાખ સુધીનુ ટૂંકી મુદતનું કૃષિ ધિરાણ મળી રહે છે.

૧૧.૧૨.૨ ખેત સંગ્રહ શક્તિ :

- અનાજનો થતો બગાડ અટકાવી શકાય તથા સંગ્રહ વ્યવસ્થાની સુવિધા ઉભી કરી શકાય તે માટે ગોડાઉન બનાવવા સહાય આપવાની વિવિધ યોજનાઓ સહકારખાતા દ્વારા અમલમાં મુકવામાં આવેલ છે.

૧૧.૧૨.૩ પેક્સ માટે ગોડાઉનની યોજના :

- ખેત ઉત્પન્નોનો વૈજ્ઞાનિક ઢબે સંગ્રહ થાય અને વેર હાઉસીંગ રીસીપ્ટ ઉપર ખેડુત ધિરાણ મેળવીશકે તેવા હેતુથી પ્રાથમીક કૃષિ વિષયક સહકારી ધિરાણ મંડળી માટે અનાજ / ખેત પેદાશોના સંગ્રહ શક્તિમાં વધારો કરવા નવા ગોડાઉનો બનાવવા માટેની યોજના સને : ૨૦૧૪-૧૫ ના વર્ષથી અમલમાં મુકવામાં આવેલ છે.
- આ યોજના હેઠળ પેક્સ મંડળીઓને સરકારશ્રી દ્વારા ગોડાઉન બનાવવા માટે ૭૩ ટકા સબસીડી આપવામાં આવે છે.

૧૧.૧૨.૪ બજાર સમિતિઓમાં ગોડાઉન બનાવવા સહાય આપવાની યોજના પ્ર

- રાજ્યની 'અ' તથા 'બ' વર્ગની બજાર સમિતિઓને ૨૫ ટકા અને 'ક' અને 'ડ' વર્ગની બજાર સમિતિઓને ૫૦ ટકા સહાય ગોડાઉન બનાવવા રાજ્ય સરકારશ્રી દ્વારા આપવામાં આવે છે.

Scanned with OKEN Scanner

- બજાર સમિતિઓમાં વેર હાઉસિંગ ગોડાઉન બનાવવા માટે 'અ' વર્ગની સમિતિઓને ૩૦ ટકા, 'બ' વર્ગની સમિતિઓને૩૫ ટકા, 'ક; વર્ગની બજાર સમિતિઓને ૬૦ ટકા અને 'ડ' વર્ગની બજાર સમિતિઓને ૯૦ ટકા સહાય રાજ્ય સરકારશ્રી દ્વારા આપવામાં આવે છે.
- આમ. સહકાર પ્રભાગની ગોડાઉન બનાવવા સહાય આપવાની વિવિધ યોજનાઓ અંતર્ગત રાજ્યમાં આશરે ૧૨,૦૦૦ ગોડાઉનો થકી ૧૮.૦૦ લાખ મેટ્રીક ટન જેટલી સંગ્રહ શક્તિની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે.

૧૧.૧૨.૫ દૂધ સહકારી ક્ષેત્ર :

- ગુજરાત રાજ્યમાં શ્વેતક્રાંતિના ભાગ સ્વરૂપે ત્રિસ્તરીય સહકારી દૂધ ઉત્પાનની વ્યવસ્થા ગોઠવવામાં આવેલીછે. જે સમગ્ર વિશ્વમાં 'અમુલ પેટર્ન' તરીકે ઓળખાયછે.
- રાજ્યભરમાં અંદાજે કુલ ૧૬ જેટલી પ્રાથમિક દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ કાર્યરત છે. મહિલા સશક્તિકરણના ભાગરૂપે મહિલા મંડળીઓની સ્થાપના તથા કાર્યપધ્ધતિમાં સતત પ્રોત્સાહિત કરી આ ક્ષેત્રમાં મહિલાઓની ભાગીદારી વધારી સમગ્ર વિશ્વમાં 'અમૂલ' બ્રાન્ડના નામથી ગુજરાતને નામના અપાવી છે.
- દુધ સહકારી મંડળીઓ લોકડાઉનના સમય દરમ્યાન બિન - સભાસદ પસુપાલકોનું પણ દુધ સ્વિકારે તે માટે તા.૦૧/૦૪/૨૦૨૦ ના પરિપત્રથી જરૂરી સૂચનાઓ આપવામાં આવેલ છે. લોકડાઉનના સમય દરમિયાન તા.૨૫/૦૬/૨૦૨૦ થી તા.૩૦/૦૬/૨૦૨૦ સુધીના સમયમાં કુલ ૧,૪૭,૨૧.૦૪ લાખ લીટર (દૈનિક સરેરાશ ૧૯૦ લાખ લીટર) દુધનું પ્રોક્યુરમેન્ટ કરવામાં આવેલ હતુ તથા આ સમય દરમિયાન પણ દુધનું વિતરણ સતત ચાલુ રાખવામાં આવેલ હતુ સદરહુ સમય દરમિયાન ૩૬૫૪.૪૮ લાખ લીટર (દૈનિક સરેરાશ ૪૫ લાખ લીટર) નું દુધ વિતરણ કરવામાં આવેલ હતું.

૧૧.૧૨.૬ ખેત ઉત્પન બજાર સમિતિઓ :

- રાજ્ય સરકાર દ્વારા ખેત ઉત્પન્ન બજાર અધિનિયમમાં ખાનગીબજાર, ઈપ્રબજાર, સીધી ખરીદી બજાર વ્યવસ્થા, કરાર આધારીત ખેતી, ખેડૂત, ગ્રાહક બજાર, વ્યવસ્થા જેવી મહત્વકાક્ષી જોગવાઈઓ કરી સુધારાકરવામાં આવેલ છે. જેને કારણે ગુજરાત રાજ્યને બજારવ્યવસ્થા આંતર રાજ્ય તથા આંતર રાષ્ટ્રીય ક્ષેત્રે ઉભી થયેલ સ્પર્ધા સામે ટકી શકે તેવી સમક્ષ બનેલ છે.
- કોવીડ - ૧૯ ની પરિસ્થિતિ માં ખેડૂતો પોતાનો માલ વેચી શકે તથા રાજ્યમાં તમામ નાગરિકોને શાકભાજી, ફળફ્રફળાદિ તેમજ અનાજ મળી રહે તે માટે રાજ્યમાં બજાર સમિતિઓ સોશિયલ ડીસ્ટીંગા સાથે ચાલુ રાખવામાં આવેલ હતા.
- ખેડૂતોના વિશાળ હિતમાં ખેડૂતોને તેમનાં ખેત ઉત્પાદનનો પોષણક્ષમ ભાવ મળે તેમા ગુજરાત સરકાર દ્વારા ગુજરાત ખેત ઉત્પન્ન બજાર અધિનિયમ - ૧૯૬૩ માં સુધારો કરીને ગુજરાત ખેત ઉત્પન્ન બજાર(સુધારા) વટ હુકમ - ૨૦૨૦ બહાર પાડવામાં આવેલ છે.

૧૧.૧૨.૭ ખાંડ સહકારી પ્રવૃત્તિ :

- આ ખાંડ મિલોની દૈનિક શેરડી પિલાણ ક્ષમતા ૬૨૭૫૦ મેટ્રીક ટન છે.
- આ ખાંડ મિલો સાથે અંદાજિત ૪.૫૦ લાખ શેરડી ઉત્પાદકો સંકળાયેલા છે.
- કોરોના મહામારીના સંક્રમણ સમયે રાજ્યની ૪ (ચાર) ખાંડ સહકારી મીલોની શેરડી પિલાણની કામગીરી ઉપર વિપરીત અસર ના થાય અને ખેડૂતોની નોંધાયેલી શેરડી પૈકીની ૩.૪૫ લાખ ટન જેટલી શેરડી પિલાણ વગર રહી જવા ના પામે જેની પૂરતી કાળજી લઈ, ખાંડના કારખાનાંઓમાં લોકડાઉન હોવા છતાં પિલાણ કરાવવાંની નોંધપાત્ર કામગીરી કરવામાં આવેલ છે.

૧૧.૧૨.૮ આત્મનિર્ભર ગુજરાત સહાય યોજના :

કોરોના વાયરસ (COVID-19) ના કારણે સમગ્ર દેશમાં તા.૨૫/૦૩/૨૦૨૦ થી ૩૧/૦૫/૨૦૨૦ ના સમયગાળા દરમ્યાન લોકડાઉન જાહેર કરવામાં આવેલ. જેના પરિણામે ગુજરાત રાજ્યમાં આવેલ વેપારી, કારીગરો તથા શ્રમિકોના ધંધા રોજગારને વ્યાપક પ્રમાણમાં પ્રતિકૂળ અસર થયેલ છે. જે પરિસ્થિતિ નિવારવા રાજ્ય સરકાર દ્વારા બિન તારણ ધિરાણ માટે આત્મનિર્ભર ગુજરાત સહાય યોજના તા. ૧૬/૦૫/૨૦૨૦ થી ૨૩/૦૫/૨૦૨૦ મા ઠરાવથી જાહેર કરવામાં આવેલ છે. તથા તા. ૨૦/૦૬/૨૦૨૦ ના ઠરાવથી આત્મનિર્ભર ગુજરાત સહાય યોજનાપ્ર૨ જાહેર કરવામાં આવેલ છે.

આત્મનિર્ભર ગુજરાત સહાય યોજનાપ્ર૧ તા.૨૧/૦૫/૨૦૨૦ થી અમલમાં અવેલ છે. ઉક્ત યોજના અંતરગત રૂ. ૧ લાખ સુધીનું ધિરાણ વાર્ષિક ૮ ટકાના વ્યાજથી આપવાની યોજના છે. તે પૈકી સરકારશ્રી દ્વારા ૬ ટકા મુજબ વ્યાજ સહાય ચૂકવવામાં અવાનાર હોય, લાભાર્થિને ૨ ટકા વ્યાજે આ ધિરાણ ઉપલબ્ધ થશે. આ સમગ્ર ધિરાણ બીન તારણ ધિરાણ છે.

આત્મનિર્ભર ગુજરાત સહાય યોજના-૨ તા. ૦૧/૦૭/૨૦૨૦થી અમલમાં આવેલ છે. ઉક્ત યોજના અંતર્ગત રૂ. ૧ થી ૨.૫૦ લાખ સુધીનું ધિરાણ વાર્ષિક ૮.૦૦ ટકાના વ્યાજથી આપવાની યોજના છે. જે અન્વયે સરકારશ્રી દ્વારા ૪ ટકા મુજબ વ્યાજ સહાય ચૂકવવામાં આવશે આથી લાભાર્થીને આ ધિરાણ ૪ ટકાના દરે ઉપલબ્ધ થશે. આમ આ બને યોજના દ્વારા સરકારશ્રી દ્વારા લાભાર્થીઓને લોક ડાઉનની પરિસ્થિતિના કારણે ઉદ્ભવેલ પ્રતિકુળ સંજોગોમાં આર્થિક મદદ મળી રહશે.

૧૧.૧૩ ઉપસંહાર :

આમ, સહકારી મંડળીઓ તેની શરૂઆતથી ધીમે ધીમે ગ્રામીણ, સામાજિક અને આર્થિક વિકાસમાં સહાયરૂપ બની છે અને વાસ્તવમાં મંડળીઓની રચનાનું મુખ્ય ધ્યેય શોષણવિહિન સમાજ નવરચનાનો છે તેને સાર્થક કરે છે. આ સહકારી મંડળી આપણી રોજીરોટીનું સાધન છે તેને કદી ભાંગવા ન દઈએ, તે આપણુ મંદિર છે માટે તેની હંમેશા માટે પૂજા કરીએ, ગ્રામીણ વિકાસનો પાયો છે તેને ઉખેડીએ નહીં, મીઠાં ફળ આપનારું કલ્પવૃક્ષ છે તેના મૂળ ખોદીએ નહીં, તેનું ખરા હૃદયથી સિંચન કરીએ જેથી તે ફૂલીફાલીને ઘણું મોટું વટવૃક્ષ બને જેની શીતળ છાયા આપણને તથા ...

Scanned with OKEN Scanner

પ્રવૃત્તિઓને સફળ બનાવવા માટે લોકજાગૃતિ અને લોકસહકાર અનિવાર્ય બાબત છે. ગુજરાતી કહેવત મુજબ 'વિના સહકાર નહી ઉદ્ધાર'.

ટૂંક સાર

સહકાર એટલે પરસ્પર સહાય ભારતની સહકારી પ્રવૃત્તિના ભીષ્મપિતામહ સ્વ. શ્રી વૈકુંઠભાઈ મહેતા જણાવે છે કે સમાન જરૂરિયાત વાળી વ્યક્તિઓ જેઓ તેમની સામાન્ય જરૂરિયાતોની પ્રાપ્તિ અર્થે જોડાય છે. એવા લોકોના સ્વૈચ્છિક મંડળોને ઉત્તેજન આપતી વ્યાપક પ્રવૃત્તિનું એક પાસું તે સહકાર છે. ઈગ્લેન્ડના રોશડેલ નામના પરગણામાં ૨૮ વણકરોએ સંઘર્ષમય જીવનમાંથી બહાર આવવા ૨૪ ઓક્ટોબર ૧૮૪૪ના રોજ 'રોશડેલ ઈક્વિટેબલ પાયોનિયર્સ કો.ઓપરેટિવ સોસાયટીની સ્થાપના સાથે વિશ્વમાં સહકારી પ્રવૃત્તિનો પ્રારંભ થયો. ગુજરાતમાં સહકારી પ્રવૃત્તિનો ઉદ્દભવ ૧૮૮૯ માં ૫ મી ફેબ્રુઆરીના રોજ વડોદરા શહેરમાં મધ્યમ વર્ગના ૨૩ જેટલા શિક્ષિત લોકોએ અન્યોન્ય સહાયકારીનામની પરસ્પર મદદના આશયે એક મંડળી શરૂ કરી હતી. ત્યાર બાદ ૧૯૦૪ ના સહકારી કાયદા અન્વયે રેફાઈઝન મૉડેલની ગુજરાતના અમદાવાદ જિલ્લામાં સૌ પ્રથમ ખેડૂતોની સહકારી ધિરાણ મંડળી, બાકરોલ વિશાલપુર કો.ઓ.ક્રેડિટ સોસાયટી અને વલસાડ જિલ્લામાં દેગામની મંડળી ૧૯૦૫ ના મે માસમાં નોધાઈ હતી.તારીખ ૦૧/૦૫/૧૯૬૦ માં ગુજરાત રાજ્યની રચના થયા પછી ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમ - ૧૯૬૧ અમલમાં આવેલ છે. ગુજરાત સરકારે આખરે આ સહકારી કાયદો તારીખપ્ર ૦૧/૦૫/૧૯૬૨ થી અમલમાં મૂક્યો છે. ગુજરાતમાં સહકારી બેંકિંગ માળખુ પિરામિડ આકારનું ત્રિસ્તરીય માળખું છે. સદી વટાવી ચૂકેલી ગુજરાતની સહકારી પ્રવૃત્તિના પાયામાં ગાંધીજી, સરદાર પટેલ અને મોરારજી દેસાઈનું નોંધપાત્ર યોગદાન છે.ગુજરાત સહકારી પ્રવૃત્તિક્ષેત્રે અગ્રેસર રાજ્ય છે. રાજ્યમાં વર્ષ - ૨૦૧૯-૨૦ માં ૮૧૪૬૮ જેટલી સહકારી મંડળીઓ કાર્યરત છે. જેની સાથે ૧ કરોડ ૬૫ લાખ ઉપરાંતના સભા સદો જોડાયેલા છે. સહકારી પ્રવૃત્તિએ વિશ્વમાં મોટા ભાગના દેશોમાં વિવિધ ક્ષેત્રોમાં પદાર્પણ કરી ગરીબ શ્રમિકો અને ટાંચા સાધનો ધરાવતા લોકોના આર્થિક સામાજિક પુનરુત્થાન માટે મહત્વની ભૂમિકા નિભાવી છે. ગ્રામ્ય સ્તરની પ્રાથમિક સહકારી મંડળીથી લઈ રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરનાં કાર્ય વિસ્તાર ધરાવતાં મોટા સાહસો સહકારિતાની શક્તિ અને સામર્થ્ય દર્શાવે છે. ગામડાના વિકાસ માટે સહકારી સંસ્થાઓ દ્વારા ધિરાણ આપવાનો પ્રયત્ન કરવામાં આવે છે. ખેતીને લગતી જરૂરિયાતો જેવી કે ખાતર, દવા, મશીનો ટેકનિકલ જ્ઞાન વગેરે પૂરૂ પાડવામાં સહકારી મંડળીઓએ સફળતા મેળવી છે. ખેડૂતોના ઉત્પાદનના વેચાણ માટે સહકારી મંડળીઓ દ્વારા સુવિધા, ગ્રાહક સહકારી મંડળઓ દ્વારા સસ્તા દરે જીવન-જરૂરિયાતની વસ્તુઓનું વેચાણ કરે છે. સહકારી દૂધ ડેરી અમૂલે એશિયામાં સૌથી મોટા સફળ સહકારી સાહસની ખ્યાતિ પ્રાપ્ત કરી છે. આ સાથે જ સ્થાનિક કક્ષાએ રોજગારીની તકોમાં વધારો થયો છે.વૈશ્વિક મહામારીના કાળમાં જ્યારે એક અદ્રશ્ય શત્રુ એવો કોવિડ - ૧૯ વાઈરસ સામે 'સરકારે' અસરકારક રીતે પ્રયત્નો કર્યા હોય ત્યારે આ સમયમાં સરકારની ભૂમિકા મહત્વની રહી છે. શ્રમિકોના પ્રશ્નો હોયકે પછી દૂધ અને શાકભાજીની 'સપ્લાય ચેઈન' હોય સહકાર સરકાર સાથે અને સરકાર સહકાર સાથે હંમેશા રહી છે.

16054

સંદર્ભ સૂચી

૧. 'બેંકિંગ અને સહકાર' સી જમનાદાસની કંપની, અમદાવાદ-૩૮૦૦૦૪
૨. 'વીમનાં મૂળતત્વ' પ્રથવ વર્ષ બી.કોમ. સેમ - ૧ ન્યૂ પોપ્યુલર પ્રકાશન, સુરત અર્વતન આવૃતિ ૨૦૧૮-૧૯
૩. 'સહકારના ૧૦૦ વર્ષ ૧૯૦૪-૨૦૦૪' ગુજરાત રાજ્ય સહકારી સંઘ, અમદાવાદ.
૪. જુલાઈ, ૨૨, ૨૦૨૧ : ૮.૩૦ IST સંદેશ
૫. સહકાર વર્ષ - ૬૮ અંક ૧૬ તા. ૨૦-૧૧-૨૦૨૦
૬. https://gu.vikaspedia.in2020

નીચેના પ્રશ્નોના સવિસ્તાર જવાબઆપો :

૧. સહકારની વ્યાખ્યા આપી. સહકારના સિધ્ધાંતોની ચર્ચા કરો.
૨. ગુજરાતમાં સહકારી પ્રવૃતિનો વિકાસ સમજાવો.
૩. ગુજરાતમાં સહકારી પ્રવૃતિની કામગીરી અને હેતુ જણાવો.
૪. ગુજરાતમાં સહકારી પ્રવૃતિની વર્તમાન સિધ્ધિઓની ચર્ચા કરો.
૫. સહકારના લક્ષણો વિગતે ચર્ચો.

ટુંકનોંધ લખો :

૧. સહકારી પ્રવૃતિનો ઉદ્ભવ.
૨. સહકારના લક્ષણો.
૩. સહકારી ક્ષેત્રની મુખ્ય પ્રવૃતિ અને કાર્યો.
૪. સહકારી ક્ષેત્રની સિધ્ધિઓ.

Principal,
Govt. Arts, Commerce & Science College
Khergam, Dist. Navsari.
Code No. : 630

બહુવિકલ્પ પ્રશ્નો ઉત્તર સહિત

૧. સહકારના લક્ષણો જણાવો.

(A) સમાનતા (B) અશાસન (C) શિક્ષણ **(D) ઉપરના તમામ**

૨. પ્રવૃતિ વિકાસના માધ્યમ તરીકે વિશ્વમાં પ્રચલિ છે.

(A) માનવ વિકાસ **(B) સહકારી**
(C) માનવ સંશોધન (D) ઉપર માંથી કોઈ નહીં